Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Rg. N. B. 431.

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

स्रग्धरावृत्तम् ॥

लक्ष्मीवान् स्वीयलक्ष्मीं विसृजतु परमौदार्ययुक्तः सुकार्ये
विद्यावान् स्वीयविद्यां वितरतु परमादादराद्वै सुशिष्ये ।
लक्ष्मीविद्याद्वयं तन्निवस्तु परमैक्येन सर्वेषु सत्सु.
आत्मानन्द प्रकाशाद् भवतु सुखयुतो मर्त्यलोकोऽपिनाकः ॥१॥

पु. १८, | वीर सं. २४४८ अषाढ आत्म सं. २६ | अंक १२मो

प्रकाशक-श्री जैन आत्मानन्द सभा-भावनगर.

## વિષયાનુક્રમણિકા.


| વિષય. | પૃષ્ટ. | વિષય. | પૃષ્ટ. |
|---|---|---|---|
| ૧ શ્રી વીર સ્તુતિ... ... ... ... | ૩૦૯ | ૫ મનુષ્ય અને મહાવીર ... ... | ૩૨૩ |
| ૨ આધુનિક સુધારો ... ... ... | ૩૧૦ | ૬ ખરૂં સુખ ક્યારે પ્રાપ્ત થાય ? | ૩૩૦ |
| ૩ વીશ સ્થાનકપદ આરાધન કરવાનું ટુંક મહાત્મ્ય.... ... | ૩૧૧ | ૭ ગ્રંથાવલોકન... ... ... .. | ૩૩૧ |
| ૪ જૈન દાંપત્ય ... ... ... .. | ૩૧૨ | ૮ "શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ" ની ધાર્મિક પરિક્ષાનું પરિણામ | ૩૩૨ |


વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ આના ૪.

આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું—ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ભેટની બુકના વી. પી. શરૂ થયા છે.

## આત્માનંદ પ્રકાશના ચાલતા ( અઢારમા ) વર્ષની અપૂર્વ ભેટ.

# શ્રી ઉપદેશ સિત્તરિ ગ્રંથ—ભાષાંતર.

શ્રી આત્માનંદ પ્રકાશના સુજ્ઞગ્રાહકોને આ અઢારમા વર્ષને માટે" શ્રી ઉપદેશ સિત્તરિ" (અપૂર્વ ઉપદેશ સાથે અનેક કથાઓ સહિત) સુમારે વીશ ફારમનો મોટો ગ્રંથ ભેટ આપવા માટે છપાઇ તૈયાર થયેલ છે, આવી સખ્ત મોંઘવારી છતાં દર વર્ષે નિયમિત ભેટ આટલા ફારમની મોટી ભેટની બુક ( માસિકનું લવાજમ કાંઇ પણ નહિ વધાર્યા છતાં ) આપવાનો ક્રમ માત્ર આ સભાએજ રાખ્યો છે, તે અમારા માનવંતા ગ્રાહકોની ધ્યાન બહાર હશેજ નહી, તેનું કારણ માત્ર જૈન સમાજને સસ્તી કિંમતે—ઓછી કિંમતે વાંચનનો બ્હોળો લાભ આપવાના હેતુને લઇનેજ છે. જેથી દરેક જૈન બંધુએ આ માસિકના ગ્રાહક થઇ તેનો લાભ લેવા સાથે જ્ઞાન ખાતાને ઉત્તેજન આપવા ચુકવું નહિ. અમારા માનવંતા ગ્રાહકોને આ વર્ષની ભેટની બુક વી. પી. થી મોકલવાનું શરૂ કરવામાં આવેલ છે. જેથી જે ગ્રાહક મહાશયે અત્યારસુધી માસિકના ગ્રાહક રહ્યા છતાં વી૦ પી૦ ન સ્વીકારવુ હોય તેમણે હાલમાંજ અમોને પત્ર દ્વારા જલદીથી જણાવવું કે જેથી નાહક જ્ઞાન ખાતાને નુકશાન ન થાય; પરંતુ બાર માસ સુધી ગ્રાહક રહી અંકો રાખી પછવાડે ભેટની બુકનું લવાજમ વસુલ કરવા વી. પી. થી મોકલવામાં આવે, ત્યારે પાછી મોકલી નકામો ખર્ચ કરાવી વિના કારણ જ્ઞાન ખાતાને નુકશાન કરવું અને તેના દેવાદાર રહેવું તેમ પોસ્ટ ખાતાને નકામી તકલીફ આપવી તે યોગ્ય નથી. માટે દરેક સુજ્ઞ ગ્રાહકોએ ભેટની બુકનું વી. પી. સ્વીકારી લેવું.

---

જલદી મંગાવો. જલદી મંગાવો.

માત્ર થોડીજ નકલો સીલીકે છે.

# " શ્રીદેવભક્તિમાળા પ્રકરણ ગ્રંથ. "

( જેમાં પાંચ પ્રકારની પરમાત્માની ભક્તિનો સમાવેશ કરવામાં આવેલ છે )

ઉપરોક્ત ગ્રંથ જેમાં પરમાત્માની ભક્તિનું સ્વરૂપ. ૧ પૂજા ભક્તિનો પ્રભાવ ૨ આજ્ઞા ભક્તિ, ૩ દેવ દ્રવ્ય સંરક્ષણ ભક્તિ ૪ મહોત્સવ ભક્તિ, ૫ તીર્થ યાત્રા ભક્તિ એ પાંચ પ્રકારની ભક્તિનું આગમ પ્રમાણે અને શાસ્ત્રીય દૃષ્ટાંતો આપી શંકા સમાધાન સહિત યથાર્થ સ્વરૂપ આ ગ્રંથમાં લખવામાં આવ્યું છે. આ ગ્રંથના લેખક પંન્યાસજી દેવવિજયજી મહારાજ છે. ગ્રંથ ખરેખર મનનીય અને પ્રભુ ભક્તિ કરવા માટે એક ઉત્તમ સાધન અને આલંબનરૂપ છે; તેમજ પ્રાણીને મોક્ષ માર્ગે જવા માટે એક નાવ રૂપ છે. આ ગ્રંથ પ્રથમથી છેવટ સુધી વાંચવાની ખાસ ભલામણ કરીએ છીએ. ઉંચા ઈંગ્લીશ કાગળો ઉપર સુંદર ગુજરાતી ટાઇપથી તે પ્રકટ કરવામાં આવ્યો છે. બાહ્ય અને અભ્યંતર બંને પ્રકારથી સુશોભિત કરવામાં આવેલ છે. પચીશ ફારમ બશેંહ પાનાનો આ ગ્રંથ જેની કિંમત માત્ર રૂ. ૧—૪—૦ સવા પોસ્ટેજ જુદું. માત્ર જુજ કોપી બાકી છે. જોઈએ તેમણે આ સભાને શિરનામે લખી મંગાવવા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી

# આત્માનંદ પ્રકાશ.

( પુસ્તક ૧૮ મું. )

પુસ્તક ૧૮ મું. વીરસંવત્ ૨૪૪૬-૪૭. આત્મસંવત ૨૫-૨૬. અંક ૧ થી ૧૨.

" सेव्यः सदा सदगुरु कल्पवृक्षः "

**स्रग्धरावृत्तम्.**

लक्ष्मीवान् स्वीयलक्ष्मीं विसृजतु परमौदार्ययुक्तः सुकार्ये
विद्यावान् स्वीयविद्यां वितरतु परमादादराद्धे सुशिष्ये ।
लक्ष्मीविद्याद्वयं तन्निवस्तु परमैक्येन सर्वेषु सत्सु
**आत्मानन्द प्रकाशाद्** भवतु सुखयुतो मर्त्यलोकोऽपिनाकः ॥१॥

પ્રગટ કર્તા,
શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.

વાર્ષિક મુલ્ય રૂા. ૧-૪-૦ ( પોસ્ટેજ સાથે )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વાર્ષિક વિષયાનુક્રમણિકા.


| નંબર | વિષય | પૃષ્ટ |
|---|---|---|
| ૧ | વષારંભે માંગલ્ય સ્તુતિ. | ૧ |
| ૨ | નવીનવર્ષે માંગલ્ય સ્તુતિ. | ૨ |
| ૩ | ગુરૂસ્તુતિ. | ૨ |
| ૪ | શ્રી આત્માનંદ પ્રકાશના ગ્રાહકોને આશિર્વચન. | ૨ |
| ૫ | અભિનવવર્ષે નિવેદન. | ૩ |
| ૬ | શ્રી તારંગા તીર્થનું ઐતિહાસિક દર્શન. | ૯ |
| ૭ | પ્રતિકુળ અવસ્થાઓમાંથી છુટવાનો અમોઘ ઉપાય. | ૨૪–૫૬ |
| ૮ | જૈન દૃષ્ટિએ લોકમાન્ય તિલક. | ૩૦ |
| ૯ | તત્ત્વજિજ્ઞાસુ સજ્જનો પ્રત્યે પર્યુષણ પ્રસંગે બે બોલ. | ૩૨ |
| ૧૦ | શ્રી પ્રભુસ્તુતિ. | ૩૫–૬૭–૯૩–૧૨૧–૧૭૫–૧૯૯–૨૨૩–૨૨૫–૩૦૯ |
| ૧૧ | ક્ષમા યાચના. | ૩૬ |
| ૧૨ | દુષ્ટમિત્રને ધિક્કાર. | ૩૭ |
| ૧૩ | જેવી ભાવના તેવી સિદ્ધિ. | ૩૮ |
| ૧૪ | આપણે કઇ પદ્ધતિથી કામો કરવા જોઇએ ? | ૪૦ |
| ૧૫ | દિવ્યભાવના બળ. | ૪૮ |
| ૧૬ | મુંબઇ શહેરમાં રહેવા મકાનોની તંગી. | ૫૧ |
| ૧૭ | જૈન કોમમાં કેળવણી સંબંધી મારા વિચારો. | ૫૨ |
| ૧૮ | પ્રાસંગીક સ્ફુરણ. | ૬૨ |
| ૧૯ | પ્રકીર્ણ નોંધ. | ૬૫–૧૬૯–૧૯૬ |
| ૨૦ | વ્યભિચાર નિંદા. | ૬૮ |
| ૨૧ | જૈન તીર્થ ભીમપલ્લી અને રામસૈન્ય. | ૬૯ |
| ૨૨ | સહાનુભુતિથી જીવન સાફલ્ય. | ૮૧ |
| ૨૩ | આપણી ભાવીઉન્નતિની દિશા ( સમજીને આદવાની જરૂર ). | ૮૯ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




૨૪ એક સુચના. ૯૦

૨૫ ગ્રંથાવલોક. ૯૦–૧૭૨–૧૯૭ ૨૨૧–૨૫૪–૨૮૧–૩૦૩–૩૩૧

૨૬ પ્રકીર્ણ નોંધના સંબંધમાં ખુલાસો. ૯૧

૨૭ વર્તમાન સમાચાર ૯૧, ૧૪૪, ૧૬૯, ૨૨૨, ૨૪૬, ૨૫૩, ૨૫૪, ૨૮૦, ૩૦૫

૨૮ આ સભાએ કરેલ ઠરાવો, ૯૨

૨૯ કલ્યાણનાં સાધનથી વિમુખ પુરૂષનું બંધન કેમ છુટે ? ૯૪

૩૦ સ્વાસ્થ્ય સફલતા અને શક્તિ પ્રાપ્ત કરવાનું ગુપ્ત રહસ્ય. ૯૫

૩૧ સ્વઓળખાણ સંબંધી સ્થુલ વિચારણા ૧૦૩–૨૭૬–૨૮૯

૩૨ બ્રહ્મચર્ય અથવા ઇન્દ્રિય નિગ્રહનો અદ્‌ભુત મહિમા. ૧૧૦

૩૩ બ્રહ્મચર્ય અથવા સુશીલતાને સેવવાની ભારે જરૂર. ૧૧૧

૩૪ શ્રી તીર્થંકર ભગવાનના કલ્યાણક ઉજવવાનો પ્રસંગ. ૧૧૩

૩૫ મુનીરાજનું જીવન સ્વદેશી કેવી રીતે છે ? ૧૧૭

૩૬ સ્વજીવન સફળતા કરવાની કુંચી. ૧૨૦

૩૭ મનને બોધ. ૧૨૨

૩૮ સાચા સુખના સાધનો તથા મનુષ્યત્વ. ૧૨૩–૧૬૩

૩૯ જગત માટે જૈન મહાત્માપ્રાપ્ત કરવાની યોજના. ૧૩૦-૧૪૮-૧૭૭-૨૦૭-૨૨૪-૨૬૩

૪૦ દવા કરતાં પથ્ય પાલન ઉત્તમ છે. ૧૩૯

૪૧ મનને નિરાકુલ રાખવાની જરૂર. ૧૪૦

૪૨ આપણી ઉન્નતિનો સરલ માર્ગ. ૧૪૦

૪૩ આત્મ વિશુદ્ધિ વિચારણા. ૧૪૨

૪૪ વિનોદસૂરીની સત્યતા ? ૧૪૨

૪૫ સાચા મિત્રના લક્ષણ સર્વહિત વચનો. ૧૪૫–૧૪૬

૪૬ રજની ભાવના. ૧૭૬

૪૭ મન સંયમ. ૧૮૭–૨૦૦

૪૮ આપણી આંતર સ્થિતિ સમજીને સુધારવાની જરૂર. ૧૯૪

૪૯ શરીર આરોગ્યભૂત મુખ્ય પાંચ હેતુ. ૧૯૪

૫૦ દશ શ્રાવક કુલક. ૧૯૫

૫૧ સર્વ જીવોની ઉન્નતિ સંબંધી બે મિત્રોનો સંવાદ. ૨૧૫


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| | | |
|---|---|---|
| ૫૨ | સાર્વજનિક જાહેર સંસ્થાઓની નિષ્ફળ થતી ચળવળ અને તેનાં કારણો. | ૨૧૭ |
| ૫૩ | જૈન ઐતિહાસિક સાહિત્ય. | ૨૧૯ |
| ૫૪ | સંસારમાં જન કહો સુખ શું જણાય ? | ૨૩૦–૨૫૬ |
| ૫૫ | સંસાર કેવી રીતે મીથ્યા છે ? | ૨૩૨ |
| ૫૬ | આદર્શ જીવન. | ૨૩૯ |
| ૫૭ | યાત્રાર્થે આવેલા દરેક યાત્રાળુને અગત્યની સૂચના. | ૨૪૪ |
| ૫૮ | મનુષ્યમાં મહાવીરપણાની પ્રતીતિ. | ૨૪૭ |
| ૫૯ | શારીરિક સ્વાસ્થ્ય. | ૨૫૮ |
| ૬૦ | હાલ તાત્કાલીક શું કરવું ? | ૨૬૯ |
| ૬૧ | ઉપમિતિ ભવ પ્રપંચા કથા ઉપયુક્ત વચનોનો “ અનુવાદ ” | ૨૭૩ |
| ૬૨ | અંતરાત્માની પરમાત્મા પ્રતિ સંકટો દૂર કરવાની અભ્યર્થના. | ૨૮૦ |
| ૬૩ | એક સુધારો. | ૨૮૧ |
| ૬૪ | સમયનો સદુપયોગ. | ૨૮૩ |
| ૬૫ | શાંતિમય જીવનની ઘટના. | ૨૯૩ |
| ૬૬ | ધર્મ–શ્રદ્ધાળુ યાત્રિક જનોને અતિ અગત્યની સૂચના. | ૨૯૪ |
| ૬૭ | ઉપમિતિ ભવપ્રપંચ કથામાંથી કેટલાક વચનો. | ૨૯૭ |
| ૬૮ | મુર્ખ શતક. | ૩૦૦ |
| ૬૯ | આધુનિક સુધારો. | ૩૧૦ |
| ૭૦ | વીસ સ્થાનકપદ આરાધન કરવાનું માહાત્મ્ય. | ૩૧૧ |
| ૭૧ | જૈન દાંપત્ય. | ૩૧૨ |
| ૭૨ | આત્મિક સામર્થ્ય પ્રકટ કરવા પ્રેરણા. | ૩૧૮ |
| ૭૩ | મનુષ્યપણું અને અંતઃશુદ્ધિ. | ૩૧૯ |
| ૭૪ | મનુષ્ય અને મહાવીર. | ૩૨૩ |
| ૭૫ | ખરૂં સુખ કયારે પ્રાપ્ત થાય ? | ૩૩૦ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

इह हि रागद्वेषमोहाद्यभिभूतेन संसारिजन्तुना शरीरमानसानेकातिकटुकदुःखोपनिपात-पीडितेन तदपनयनाय हेयोपादेय-पदार्थपरिज्ञाने यत्नो विधेयः

पुस्तक १८ ] वीर संवत् २४४८ अषाड. आत्म संवत् २६. [ अंक १२ मो.

## श्री वीर स्तुति.

શાર્દૂલ વિક્રીડિત.

જેના પૂર્ણ પ્રભાવથી જગતમાં સદ્ધર્મભાનુ ઉગ્યો,
સારો બોધ રસેભર્યો અવનિમાં સ્યાદ્વાદનો વિકસ્યો;
જેણે ભવ્ય જનો તણું દુર કર્યું તિમિર મર્મો તણું,
તે શ્રી વીર ભવાબ્ધિમાં પરમ આનંદ પ્રસારો સદા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# આધુનિક સુધારો

રચનાર—રા. રા. કુબેરદાસ અંબાશંકર ત્રિવેદી.

## ભુજંગી છંદ.

નહિ નાત કે જાતનો કાંઇ ભેદ,
દુરાચાર દેખી દિલે થાય ખેદ;
પગે બૂટ ઘાલી કરે છે અહારો,
કહો આ સુધારો થયો કે કુધારો. ૧
સ્વધર્મે ન ચાલે કદિ મૂર્ખ મોટા,
બતાવે બહાના પછી ખૂબ ખોટા;
તજે સાવ વર્ણાશ્રમોના વિચારો,
કહો આ સુધારો થયો કે કુધારો. ૨
અરે જન્મથી પામીને ઉંચ જ્ઞાતિ,
ચહે મૂઢ હાથે કરી નીચ જાતિ;
વૃથા શીર વ્હોરે ઘણો પાપ ભારો,
કહો આ સુધારો થયો કે કુધારો. ૩
અરે ભક્ષ્ય ના ભક્ષ્યનો ભેદ નાઠો,
હવે આર્યનો દીન બેઠોજ માઠો;
ગઇ ઉન્નતિ આવિયો અસ્ત વારો,
કહો આ સુધારો થયો કે કુધારો. ૪
જમે ભ્રષ્ટ થૈ એકઠા સર્વ સાથે,
ન ધારે પ્રભુની કશી બ્હીક માથે;
ફરી આવશે જન્મ આવો ન ચારો,
કહો આ સુધારો થયો કે કુધારો. ૫
ન આચાર વિચારનું કાંઇ ભાન,
કરે કેફી વસ્તુ તણું નિત્ય પાન;
હવે ભ્રષ્ટતાનો નહિ ભાઇ ! આરો,
કહો આ સુધારો થયો કે કુધારો. ૬
મળી પાચ પચ્ચીશ મિત્રો મજાના,
કરે બાપના દ્રવ્યથી રોજ ખાના;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બની છેલને મારતા શેખ સારે,
કહો આ સુધારો થયો કે કુધારો. ૭
ભણી અલ્પ વિદ્યા ઘણો ડોળ ઘાલે,
સ્વચ્છંદાનુસારે સદા મૂઢ ચાલે;
ફરે ફાંકડા વાટ ઘાટે બજારે,
કહો આ સુધારો થયો કે કુધારો. ૮
વડી વાતથી આપને બે વખાણે,
ન પંડિત પોતા સમો કોઇ જાણે;
ન માને કદી બોધ દે કોઇ સારો,
કહો આ સુધારો થયો કે કુધારો. ૯
વૃથા વૈખરીમાં બહુ કાળ ગાળે,
ન કર્તવ્ય પોતા તણું લેશ ભાળે;
રૂડો જન્મ એળે ગુમાવે ગમારો,
કહો આ સુધારો થયો કે કુધારો. ૧૦
ઘસે ખાય પીએ તમાકુ હમેશ,
નવાને નવા બાદલે નિત્ય વેશ;
કુટેવો કરે અન્ય એવી હજારો,
કહો આ સુધારો થયો કે કુધારો. ૧૧
કુસંગે ઘણાં કૃત્ય કુડાં કરાયે,
પછી નામ બદનામ તો ખુબ થાયે;
તથાપિ ન તે સંગ લાગે અકારો,
કહો આ સુધારો થયો કે કુધારો. ૧૨

—ચાલુ

# વીશ સ્થાનક પદ આરાધન કરવાનું ટુંક માહાત્મ્ય.

૧ અરિહંત ૨ સિદ્ધ ૩ પ્રવચન ૪ ગુરૂ—આચાર્ય ૫ સ્થવીર ૬ પાઠક ( બહુશ્રુત ) ૭ તપસ્વી—સાધુજનોની ભક્તિ ૮ વારંવાર જ્ઞાન—ઉપયોગ ૯ દર્શન—સમ્યકત્વ ૧૦ વિનય સદ્‌ગુણી પ્રત્યે નમ્રભાવ ૧૧ ચારિત્ર ૧૨ શુદ્ધ બ્રહ્મચર્ય ૧૩ આવશ્યક ક્રિયા ૧૪ તપશ્ચર્યા ૧૫ ત્યાગ ૧૬ વૈયાવચ્ચ ૧૭ સમાધિ ૧૮ અપૂર્વજ્ઞાન—ગ્રહણ ૧૯ શ્રુત ભક્તિ અને ૨૦ પ્રવચન ( શાસન ) પ્રભાવના એ વીશ સ્થાનકોનું યથાવિધિ સેવન ( આરાધન ) કરવાવડે તીર્થંકર નામ કર્મ બંધાય છે. એ રીતે શ્રી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**જ્ઞાતાસૂત્રના આઠમા અધ્યાયમાં** અધીકાર કહ્યો છે. દરેક સ્થાનકમાં આરાધન કરતાં તન્મયતા કરવાની જરૂર છે. એ સંબંધી વિશેષ અધિકાર અનેક પ્રમાણીક ગ્રંથોમાંથી મળી શકે છે. એ વીશે પદ કે વીશ પદ પૈકી એક અથવા ગમે તેટલા પદોનું યથાર્થ આરાધન કરનારજ તીર્થંકર પદવીને પામી શકે છે. આત્માની ઉન્નતિ ઇચ્છનારા ભવ્ય જનો ( ભાઈબ્હેનો ) એ ઉક્ત વીશ સ્થાનક પદોનું શુદ્ધ ભાવથી આરાધન કરવું ઘટે છે. એક પણ પદનું યથાર્થ રીત્યા આરાધન કરવાથી આત્માની ભારે ઉન્નતિ સધાય છે તો પછી વધારે યા વીશે સ્થાનકોનું યથાવિધિ આરાધન કરવાનું તો કહેવુંજ શું ? અત્યારે તેતે પદની આરાધના માટે કેવળ તપસ્યાદિક કરી સંતોષ માનવામાં આવે છે તેને બદલે તે દરેક પવિત્ર પદનું રહસ્ય સમજી તેનું તન્મયપણે સેવન કરનાર ભવ્યાત્માજ તેનો ખરો લાભ બાંધી શકે છે. ઇતિશમ્

લી૰ મૂનિરાજશ્રી કર્પૂરવિજયજી.

# જૈન દાંપત્ય.

અર્વાચીન વિદ્વાનોએ મહાન્ વિમર્શ કરીને એવો સિદ્ધાંત્ત કર્યો છે કે, વર્ત્તમાન સમય એ ભૂતકાળનું બાલક અને ભવિષ્ય કાળનો પિતા છે, વર્ત્તમાન સમયે મનુષ્યો ભવિષ્યનો આકાર સમજવા મથતાં ભૂત કાળ ઉપર દષ્ટિ કરી તેમાંથી કોઈ આધાર ગ્રહવાને ઇચ્છે છે. જે ભવિષ્ય કાળ અત્યારે અસ્પષ્ટ અજ્ઞાત અને અનનુભૂત છે, તેને સમજવા માટે સ્પષ્ટ, જ્ઞાત અને અનુભૂત એવા ભૂતકાળમાંથીજ જનસમાજે સર્વ કાળે, સર્વ પ્રસંગે, નવું સામર્થ્ય અને નવું બળ, પ્રાપ્ત કર્યું છે અને ઉન્નતિનો માર્ગ અવલોકયો છે; એ ઉપરથી સિદ્ધ થાય છે કે નવીનતાને પ્રાચીનતાનો આશ્રય કર્યા વિના ચાલતુંજ નથી, જેમ એકલી નવીનતા વિનાશકારક થઇ પડે છે, તેમ એકલી પ્રાચીનતા પણ દુરાગ્રહપણાને લઈને વિનાશકારક થઇ પડે છે. આ સિદ્ધાંત ખરેખરો માનનીય છે; એમ સર્વને કબુલ કરવું પડશે.

સાંપ્રતકાળે એ સિદ્ધાંતનો વિચાર જૈનોમાં સ્ત્રી કેળવણીના વિષયમાં કરવાની વિશેષ આવશ્યક્તા છે. જૈન સ્ત્રીકેળવણીનો ભૂતકાળ કેવી જાહોજહાલી વાલો હતો અને તેથી કરીને જૈન દાંપત્યનો પ્રભાવ આ દેશમાં કેવો ઉત્કર્ષવાળો ગણાતો હતો, તે આધુનિક જૈનપ્રજાને ખરેખર વિચારવા જેવું છે. સાંપ્રતકાળે જૈનપ્રજામાં સ્ત્રીકેળવણીનું સ્વરૂપ ઘણુંજ ઝાંખુ દેખાય છે. શ્રાવિકાઓનો મોટો ભાગ જ્ઞાન સંપત્તિથી બેનશીબ રહે છે. સર્વ પ્રકારની સંપત્તિઓમાં જ્ઞાન સંપત્તિને શ્રેષ્ઠ ગણુવામાં આવી છે. એવી મહાન્ સંપત્તિથી વિમુખ રહેનારી જૈન સ્ત્રીઓ પ્રાપ્ત થયેલા માનવ જન્મને વૃથા ગુમાવી દે છે. એ કેટલું બધું શોચનીય કહેવાય !

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચતુર્વિધ સંઘની ગણનામાં ગણાતી શ્રાવિકા જૈન સંતતિનું ઉચ્ચ ક્ષેત્ર છે. તે ક્ષેત્રમાંથી કેવા કેવા નરરત્નો ઉત્પન્ન થાય છે, તે કોઇ કોઇ વાર જનસમાજના જોવામાં આવે છે. એટલુંજ નહીં પણ સ્ત્રીતત્વની પૂરેપૂરી અગત્ય સંસારની યાત્રામાં સમજાય છે. સંસારના યાત્રાળુઓ પ્રમદા તત્વના પ્રભાવને સારી રીતે સમજી શકે છે. જૈન ધર્મની વ્યવહારિક સંહિતામાં શ્રાવક સંસારનું શુદ્ધ સ્વરૂપ પ્રતિપાદન કરનારાઓ લખે છે કે, "સંસારમાં મોટામાં મોટું પ્રલોભન સ્ત્રીઓ છે. સંસારમાં ઉત્તમમાં ઉત્તમ સ્થાનને શોભાવનાર, સૌંદર્ય, શાંતિ અને સુખની અધિષ્ટાત્રીઓ સ્ત્રીઓ છે. ગૃહસ્થાવાસ રૂપી ભયંકર અરણ્યમાં ભટકતા સંસારીઓને શૌર્ય, ધૈર્ય, સ્નેહ, સુખ અને સંતોષ એ બધાને ઉત્પન્ન કરી સ્ત્રીઓ તેમને વિશ્રાંતિ રૂપ બને છે. આવા ઉપયોગી સ્ત્રીતત્વ તરફ જૈન પ્રજા મોટી ઉપેક્ષા ધરાવે છે, તેનું પરિણામ કેવું નઠારૂં આવવાનું, તેનો ખ્યાલ આવી શકતો નથી.

પ્રાચીન શ્રાવિકાઓના ચરિત્રો તરફ કોઇનું લક્ષ જતું નથી. જો તે તરફ લક્ષ આપવામાં આવેતો તેમના હૃદયમંદિરમાં શ્રાવિકાતત્વના પ્રકાશનું પ્રતિબિંબ પડયા વગર રહેશે નહીં. જૈન ગૃહિણીઓની સુઘડતાના અનેક દૃષ્ટાંતો મલી આવે છે. એક ચરિત્રમાં એવો પ્રસંગ છે કે, કોઈ માણસને શ્રાવકનું ઘર શોધવું હતું, ત્યારે તેને કોઈ વિદ્વાને શ્રાવકના ગૃહની એંધાણીઓ બતાવી છે. જેમાં લખ્યું છે કે, "જે ઘરના આંગણામાં સ્વચ્છતા રહેલી હોય, તેની ચારે તરફ પવિત્રતા પ્રસરી રહેલી હોય, જે આનંદ અને શાંતિનું પરમ ધામ બનેલું હોય જ્યાં નવકારમંત્રના ધ્વનિઓ થતા હોય અને જે સ્વજન અને સર્વજનને સંતોષ રૂપ બનાવનારૂં હોય તે શ્રાવકનું ઘર સમજી લેવું." સાંપ્રતકાલે એ ચિન્હોમાંથી કેટલા ચિન્હ શ્રાવક ઘરમાં દેખવામાં આવે છે તે વાચકે વિચાર કરવાનો છે. હાલમાં તો જોઇએ છીએ તો ઘરના આંગણામાં ગંદકીની પ્રતિષ્ઠા કરેલી દેખાય છે. માંખીઓ અને મત્સરોની મોટી સેનાઓં ચારે તરફ બણબણતી માલમ પડે છે. ગૃહસામગ્રીના પદાર્થો અવ્યવસ્થિત, ગંદા અને રખડતા જોવામાં આવે છે, નવકાર ધ્વનિને બદલે કલહ–કંકાશના ધ્વનિઓ સંભલાય છે, અને તે અજ્ઞાન સ્ત્રીઓના હૃદયમાં કેળવણીના સંસ્કારો ન હોવાથી તેમાંથી આનંદ તથા સુખને બદલે કલહ, દુઃખ અને કંકાશજ ઉત્પન્ન થયેલા દેખાય છે.

સંસારના સર્વ સંબંધનું શિરોબિંદુ સ્ત્રી પુરૂષનો સંબંધ એજ છે. અને તે સંબંધ વિષે જેટલા જેટલા કુતર્ક કે ગેરસમજવાળા વિચારો મનમાં ઉત્પન્ન થાય છે, તેટલું તેટલું દુઃખ પેદા થયા વિના રહેતું નથી. આજ કાલ લોકો પોતપોતાના વિચાર પ્રમાણે એ દાંપત્યના સંબંધની કીંમત કહે છે. અને તેમને સુખ પણ એ કીંમતના પ્રમાણમાં મલે છે. પ્રાચીન જૈન ગૃહસ્થાવાસીઓ એ દાંપત્યની મોટી કીંમત આંકતા હતા અને તેને સ્વર્ગ સમાન માનતા હતા. સાંપ્રતકાલે એજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દાંપત્ય એક હલકી કીંમતમાં અંકાય છે. રાંધવું, દળવું, ખાંડવું વગેરે ગૃહકર્મને માટેજ ગૃહિણીની આવશ્યકતા છે, એમ કોઇ માને છે, કોઈ પ્રજોત્પત્તિ માટેજ તેનો ઉપયોગ ગણે છે, કોઇ ઘરના ઘરેણા તથા સુંદર વસ્ત્રોનો ઉપયોગ કરવા માટેજ તેની જરૂરીઆત સમજે છે, કોઇ ગૃહરક્ષા કરવા માટે સુંદરીનો સદુપયોગ ગણે છે, અને કોઈક તો પ્રેમનો અનુભવ કરી સંસારમાં સ્વર્ગ ભોગવવા માટેજ તેની આવશ્યકતા માને છે. આવી રીતે અમૂલ્ય અને દિવ્ય દાંપત્યની ઉપયોગિતા અનેક રીતે માનવામાં આવે છે, પરંતુ તેનો ખરો દિવ્ય મહિમા કોઇના જાણવામાં આવતો નથી. આથી કરીને સાંપ્રત કાળનું જૈન દાંપત્ય અધમ દશાને પામતું જાય છે. જૈન ગૃહ સંસારનું સ્વરૂપ વિપરીત ભાવને પામતું જાય છે, આનું કારણ ખરી કેળવણીનો અભાવ છે. હાલ જે કેળવણીનો પવન વાય છે, તેથી કન્યાઓને કેળવણી આપવા માટે જૈન વર્ગમાં કોઇ કોઇ સ્થળે ઉત્સુકતા દેખાય છે, પણ તે કેળવણીના બાહ્ય રંગની ઉત્સુકતા છે, અંતરંગ કેળવણી તો અપાતીજ નથી; અને તેવા સત્ય કેળવણીના ધોરણો પણ હજુ પ્રજા મેળવી શકી નથી.

જૈન પ્રાચીન ઈતિહાસમાં શ્રાવિકા શિક્ષાના જે સૂત્રો વાંચવામાં આવે છે, તે સૂત્રોને આધારે જૈન સ્ત્રી કેળવણીનો પાયો રચાયો જોઇએ. તે સૂત્રોમાં જૈન સંસારનું બંધારણ ઉચ્ચ બનાવવાના તત્વો દર્શાવ્યા છે. સ્ત્રી અને પુરૂષથી જે દાંપત્ય થાય છે, તેની અંદર બંનેનું શારીરિક તથા માનસિક બળનું પૂર્ણ રૂપ ઘડાય છે. જે જૈન દાંપત્યમાં સારી રીતે દેખાઈ આવતું હતું તે સમયે જૈન સંસારમાં આવેલી શ્રાવિકાનું માનસિક અને શારીરિક બળ એટલું ઉચ્ચ હતું કે તે શ્રાવિકા કેવળ ગૃહ કર્મ માટે અને સર્વને પોષણ આપનાર આલ્હાદકારક પ્રેમવૃત્તિની દેવી રૂપ દેખાતી હતી. આજે પરંપરાથી તપાસો તો તેજ કુલમાં ઉત્પન્ન થયેલી શ્રાવિકાની કેવી સ્થિતિ છે ? પ્રત્યેક શ્રાવક કુટુંબમાં કેવળ સ્વાર્થના પ્રવાહમાં તણાતી અને પોતાના પતિ તરફ પૂજ્ય ભાવને ભુલી જતી શ્રાવિકાઓ નજરે પડે છે. એક તરફ ક્ષણે ક્ષણે પતિઓને પજવતી જૈન પત્નીઓને લઈને કંટાળી ગયેલા અને બીજી તરફ વેપાર ધંધાના ધક્કાઓ ખાઇ નબળા પડી ગયેલા શ્રાવકોની કેવી દશા છે તેનો ચિતાર ઘણો હૃદયદ્રાવક થઈ પડ્યો છે. આવા જૈન દાંપત્યને લઈને શ્રાવક સંસારનું યંત્ર કેવળ વિકળ થઇ ગયેલું જણાય છે. ગૃહસ્થાવાસની નીતિ પ્રમાણે ગૃહધર્મને પક્ષે સ્ત્રીનું જોર મુખ્ય હોવું જોઇએ અને બાહ્ય ધર્મપક્ષે પુરૂષનું જોર મુખ્ય જોઈએ પરંતુ સાંપ્રતકાળે એ નિયમની મર્યાદા તુટી ગઇ છે. ઘણે સ્થળે તો ગૃહધર્મ અને બાહ્યધર્મ ઉભય પક્ષનો ભાગ કેવળ પુરૂષના શિર પર આવી પડે છે. વળી કોઇ કોઇ ગૃહાવાસમાં પણ '**पत्नी पुरुषायते**' એ ન્યાય પ્રવર્ત્તે છે. જે સ્ત્રી ગૃહકાર્યમાંમંત્રી તરીકે ગણાએલી છે તે સ્ત્રી પુરૂષના બાહ્ય કાર્યમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પડી પુરૂષ તત્વની મહત્તાને તોડી પાડે છે. ઘણે પ્રસંગે એવી વાતો આપણે સાંભળીએ છીએ કે, " શેઠે તે કામ કરવાની હા પાડી છે પણ શેઠાણી વિરૂદ્ધ છે એટલે શેઠ ઉભા થઈ રહ્યા છે " આ શું બતાવે છે? પુરૂષ તત્વની નિર્બળતાનો એ ખરો નમુનો છે. જ્યાં આવું દાંપત્ય હોય ત્યાં ગૃહરાજ્યનું સુખ શી રીતે પ્રાપ્ત થાય ? તેવા ગૃહરાજ્યમાં તો સદા કલહનો જ વાસ થાય છે. સાંપ્રતકાળના સુધારાએ સ્ત્રીઓમાં કેટલાએક સ્વતંત્રતાના બીજો વાપરવા માટે પ્રયત્ન કરવા માંડ્યો પરંતુ તે યોગ્ય નથી. પરતંત્રતામાંજ મર્યાદિત કરી રાખવાને યોગ્ય એવા સ્ત્રીતત્વને સ્વતંત્રતાના સિંહાસન ઉપર આરૂઢ કરવું એ ગૃહિણીપદની મહત્તાને લુંટવા જેવું અને ખરા દાંપત્યના સ્વરૂપનો ભંગ કરવા જેવું છે માટેજ ભોજ પ્રબંધમાં કહેવામાં આવ્યું છે કે, " **स्त्री पुंवच्च प्रचरति यदा तस्य गेहं विनष्टं** જેના ઘરમાં સ્ત્રી પુરૂષની જેમ પ્રવર્ત્તે તેનું ઘર નાશ પામે છે–પાયમાલ થાય છે. ઘણાં જૈન કુટુંબોમાં શેઠાણીઓની સત્તા એટલી બધી હોય છે કે વિદ્વાન કે સમર્થ એવા શ્રાવક પતિઓને તેમનું દાસત્વ કરવું પડે છે. આવી સ્વતંત્રતાનો છેડો શ્રાવકસંસારને છિન્ન–ભિન્ન કરનારો થઇ પડ્યો છે. પ્રાચિન શ્રાવિકાઓના આચાર તથા વિચારનો જ્યારે વિમર્શ કરીએ છીએ ત્યારે માલમ પડે છે કે તે સમયે શ્રાવિકાઓના હૃદયમાં ઉચ્ચ કેળવણી અને ધાર્મિક વૃત્તિના સંસ્કારો એવા પડેલા હતા કે જેથી તેઓની મનોવૃત્તિમાં ઉચ્ચ આચારો અને વિચારો પ્રગટ થતા હતા. પતિ તરફની પૂજ્ય ભાવના ઉભરી જતી હતી પોતાના પ્રેમનો પ્રકાશ પ્રસારવામાંજ તેમનું હૃદય ખીલી રહેલું હતું અને તેઓ સદાચારથી અને પોતાની પ્રેમવૃત્તિથી જૈન ગૃહવાસમાં ગૃહદેવી તરીકે પૂજાતી હતી. સાંપ્રત કાળે એ માહેલું કાંઇ પણ દેખાતું નથી. શ્રાવીકાઓના આચાર વિચારમાં મોટું અંતર પડેલું દેખાય છે અનેક જાતની છુટ લેવા માટે પ્રવૃત્તિ કરે પોતાના ઘરની સ્થિતિનો વિચાર કર્યા વગર અનેક જાતના ખર્ચો પતિ પાસે કરાવે છે કજીયા અને કંકાસમાં કાળ નિર્ગમન કરે છે. ન્યાત જાતના વ્યવહારિક કામમાં માથું મારે છે. સગાસંબંધીઓમાં જેવી તેવી વાતો કરી કુસંપના બીજ રોપાવે છે, આવી પ્રવૃત્તિને લઇને આર્યાવર્ત્તમાં ઉચ્ચ પંક્તિનું ગણાતું જૈન દાંપત્ય અધમ-પંક્તિનું ગણાવા લાગ્યું છે. કેળવણી અને સદાચારના શિક્ષણથી જો તેની સુધારણા કરવામાં નહીં આવે તો તે દાંપત્યને લઈને આખી કોમ ઘણીજ શોચનીય દશામાં આવી પડશે.

પ્રાચીન શ્રાવિકાતત્વના સ્વરૂપને માટે કેટલાએક એવા લેખો મળી આવે છે કે, " જે લેખો ઉપરથી શ્રાવકસંસારનો પૂર્વોત્કર્ષ કેવો હતો, તે જણાઇ આવે છે. ગૃહસ્થાવાસના શુદ્ધ સ્વરૂપને પ્રરૂપણા કરનારા જૈન વિદ્વાનો લખે છે કે, શ્રાવક અને શ્રાવિકા એ ઉભયતત્વો લગ્નની ગ્રંથિના પ્રભાવથી એક રૂપ બને છે અને પરંપરાએ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગૃહિધર્મ પાળી તે સ્થાનારોહણના ક્રમથી શિવ માર્ગના પથિક બને છે." આ લેખ સારી રીતે મનન કરવા જેવોજ છે. અને તે ઉપરથી લગ્નગ્રંથિના બંધનમાં જે જે અપેક્ષા રહેલી હોય છે, તે તરફ જૈન સમાજે ધ્યાન આપવાનું છે. લગ્નગ્રંથિની દઢતા અને તેની દિવ્ય રૂપતા બનાવવા માટે ત્રણ વસ્તુઓની આવશ્યકતા છે. તે ત્રણ વસ્તુઓ વય, ઇચ્છા અને જ્ઞાનના નામથી ઓળખાય છે. પૂર્વકાળે લગ્નગ્રંથિ બાંધવા પેહેલા દાંપત્યનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ કરવા માટે એ ત્રણ તત્વોની પૂર્ણ રીતે ગવેષણા થતી હતી. તેમાં વય એટલે સમજશક્તિ ખીલે, તેટલી અવસ્થા, ઇચ્છા એટલે પરસ્પરની ચાહના અને જ્ઞાન એટલે કેળવણી આ ત્રિપુટીની સંપૂર્ણ રીતે તપાસ કર્યા પછી પવિત્ર પ્રેમની લગ્નગ્રંથિ બાંધવામાં આવતી. એ ત્રિપુટીમાં જે ઇચ્છા છે, તેને હાલના સુધારકો પ્રેમલગ્નના નામથી ઓળખાવે છે, પરંતુ આર્ય પ્રજાના શિષ્ટાચારમાં માબાપ કે વડિલ હોય તેની યોગ્ય આજ્ઞાનુસાર ઇચ્છાની અનુકુળતાએ લગ્ન થાય તેજ ઇચ્છાના ઉદ્દેશમાં સમજવાનું છે. લગ્ન વિષેનું આ સ્વરૂપ સર્વ જૈન પ્રજાએ માન્ય કરેલું છે. એ સ્વરૂપને અનુકુળ એવું ધોરણ શ્રાવક સંસારને નિયમમાં રાખનારૂં થાય છે.

સાંપ્રત કાળે જૈન પ્રજામાં ઇચ્છા અને જ્ઞાનની ત્રિપુટી તરફ મોટી ઉપેક્ષા થયેલી જોવામાં આવે છે.

બાળ લગ્ન અને વૃદ્ધ લગ્નના હાનિકારક રીવાજે વયના નિયમનો ભંગ કરેલો છે. કન્યાવિક્રય અને કુલાભિમાનને લઇને ઇચ્છા વિષે તો કશુંએ જોવાતુંજ નથી. અને જ્ઞાનની બાબતમાં તો જૈન પ્રજા એટલી બધી પછાત છે કે, તે સર્વ સ્થળે ખુલ્લી રીતે દેખાઇ આવે છે. સ્ત્રી કેળવણીના ખરા માહાત્મ્યથી જૈન પ્રજાનો મોટો ભાગ અજ્ઞાન છે, એમ ચારે તરફથી ઉદ્દઘોષણા થવા લાગી છે. જયાં સુધી આ વય, ઇચ્છા અને જ્ઞાનની ત્રિપુટી તરફ આર્હત પ્રજાના અગ્રેસરો લક્ષ આપશે નહીં, ત્યાં સુધી જૈન દાંપત્યનો ખરો ઉદ્ધાર થવાનો નથી.

## જૈન દાંપત્યનો ખરો ઉદ્ધાર ક્યારે થશે ?

સાંપ્રતકાળે કેળવણીરૂપ કલ્પલતાની શીતળ અને વાંછિત દાત્રી છાયા સર્વત્ર પ્રસરી રહી છે. વિવિધ દેશના સાહિત્યમાંથી વિવિધ વિચારો જાણવામાં આવે છે. આ સમયે જૈન નવીન વિદ્વાનોએ કટીબદ્ધ થવાની જરૂર છે. તે જૈન વિદ્વાનોએ જૂના અને નવા વિચારોનું અપૂર્વ સંમિશ્રણ કરી તેમાંથી નવીન અને લાભદાયક સ્વરૂપ ઉપજાવી સ્વધર્મી બંધુઓને લાભ થાય તેવા માર્ગો દર્શાવવા જોઇએ. સાંપ્રતકાળે નવીન કેળવણી પામેલા યુવાનોમાં નવા ઉત્સાહ અને નવી જાતની પ્રવૃત્તિના દર્શન થવા લાગ્યા છે. આ કાળે ઉચ્ચ કોટીના વિચારો પ્રસરાવવાનો જો મહાન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રયત્ન કરવામાં આવે તો જૈન દાંપત્યનો ઉદ્ધાર સત્વર થઇ શકે તેમ છે. હવે જૈન પ્રજામાં તેવા વિદ્વાનો અને ઉપદેશકોની જરૂર છે કે જેઓ સ્વ કોમની સેવામાં પોતાનું જીવન સમર્પણ કરે, અજ્ઞાન–અંધકારમાંથી કોમને મુક્ત કરવાની પવિત્ર ફરજ બજાવે અને વિઘ્નોની દરકાર કર્યા સિવાય સુધારણાનો ઝુંડો ઉપાડી સર્વની આગળ આવી ઉભા રહે.

એક સમર્થ વિદ્વાને કહ્યું છે કે " જેઓ ધર્મ અને કર્ત્તવ્યને અનુસરી ઉછળતા હૃદયમાંથી પ્રગટ થયેલા પૂર્ણ જુસ્સાવાળા વિચારો દર્શાવી શકે અને ધર્મને નામે ચાલતા આડંબરી ભોપાળા જનમંડળમાં પ્રગટ કરી સાચા ગૃહધર્મ તરફ તેમનું વલણ કરાવે, તેવા અનેક પુરૂષો ઉત્પન્ન થાય ત્યારેજ સામાજીક ઉન્નતિ સાધી શકાય છે. " જૈન સમાજમાં આવા પુરૂષોની ઘણી ખામી છે. અગ્રેસરોનો મોટો ભાગ કેળવાએલો ન હોવાથી સુધારો હજુ દુર છે અને કેટલીક બાબત તેઓને સંસાર સુધારાના સૂર્યનો પ્રકાશ જરા પણ ગમતો નથી એમ પણ બને છે. જૈન પ્રજામાં ઉચ્ચ કેળવણીનો પ્રચાર કરવા ઉત્સુક થયેલા અને કોમનો ઉદ્ધાર કરવાને ઉંડી સબળ લાગણી ધરાવનારા કદિ થોડા ઘણાં પુરૂષો આગળ પડવા જાય છે તો તેમને તુચ્છકારી કાઢવા તે વર્ગ સજ્જ થઇને ઉભો રહે છે ત્યારે એવા સંયોગોમાં જૈન દાંપત્યનો ઉદ્ધાર શી રીતે થઇ શકે ?

જો જૈન ગૃહસ્થાવાસની ખરેખરી સુધારણા કરવી હોય, શ્રાવક સંસારની સ્વર્ગીય શોભા પુનઃ પ્રાપ્ત કરવી હોય, સર્વ પુરૂષાર્થને સાધનારૂં જૈન દાંપત્ય ઉચ્ચ કોટીમાં મુકવું હોય અને એ દાંપત્યરૂપ કલ્પવૃક્ષના મધુર ફળ ભવિષ્યની જૈન પ્રજાને ચખાડવા હોય તો હવે ઉછરતા નવીન યુવાનોએ આગળ પડવું જોઇએ. ઉચ્ચ કેળવણીના તીવ્ર હથીઆરો ઉગામી કર્ત્તવ્યપરાયણતાનું મજબૂત બખ્તર પહેરી નીડરતારૂપ પ્રચંડ શૌર્ય ધારણ કરી અને પુરાણા અજ્ઞજનોના અપવાદોને સહન કરવાનું સાહસ વોહોરી લઇ ચતુર્વિધ સંઘના વિશાળ મેદાનમાં આત્મભોગ આપવાને તેઓએ આવવું જોઇએ. જ્યારે તે જૈન યુવાનોના હૃદયમાંથી સ્વકોમની ખરી સેવા કરવાના ઉભરાઓ ઉઠશે અને અનેક ધર્મ તથા વ્યવહારની દુષ્ટ રૂઢિઓને પરિણામે હેરાન થતી કોમની ખરી દાઝની જવાળાઓ પ્રગટશે ત્યારેજ ભવિષ્યની જૈન પ્રજા ઉપર જાહોજલાલીના કિરણો પ્રગટ થવા માંડશે. શ્રી જૈન શાસનના અધિષ્ઠાતાઓ તેવી પ્રેરણા કરો. તથાસ્તુ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# आत्मिक सामर्थ्य प्रकट करवा प्रेरणा.

( ત્રોટક )

ભજી લે પ્રભુ તું ભજી લે પ્રભુ તું,
કંઇ કાળ તણી ગતિ ઓરજ છે;
કંઇ માનસ ભાવ ફરે ફરતાં,
પણ જીવનસાર ન કાં સમજે ? ૧

નિરખી અહિં વિશ્વ મહિં વીરના,
શુભ જીવન યોગ તણી પ્રતિમા;
ડગલે પગલે પ્રભુ જીવનને,
અનુસારી થવા કયમ ઢીલ કરે ? ૨

વળી હાસ્ય વિષે લહી મિષ્ટપણું,
રૂદનો મહિં કાં અતિ રોષ ધરે;
ઘટના અહિં જીવનની નીરખી
સમચિત્તજ થા મન શાંતિ ધરી. ૩

બનતું કદી જીવિત જો કટુ એ,
મધુરી સમતા મન મેળવ તું,
ન નિરાશ બની અહીં લે દીનતા,
અહિં આત્મતણું બળ ઓરજ છે ! ૪

નિરખી જગ દુઃખતણા ઉભરા,
જડ ચેતનને તું જગાડ જરી.
શિરને પરવા પર આશા તણી,
કંઈ ભાવી તણી ગતિ ઓરજ છે ! ૫

ગત વાત ચિરસ્મરણે ન ધરી,
નવરૂપ સદા પલટાવ સહી;
વળી ભાવિતણા શુભ સંગમમાં,
ચિરકાળ બળો પ્રકટાવ અહિં. ૬

ફતેહચંદ ઝવેરભાઈ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# મનુષ્યપણું અને અંતઃશુદ્ધિ.

## सुखमात्यंतिकं यत्तत् बुद्धि ग्राह्यमतींद्रियम् ।

( જે કેવળ બુદ્ધિથી ગ્રહણ થઈ શકે, અને ઇન્દ્રિયોથી પર હોય તેજ આત્યન્તિક ( છેવટ ) નું સુખ છે. )

માણસને ઐશ્વરી શક્તિ પ્રાપ્ત કરવી હોય તો, તે પહેલાં પુરૂષ કે સ્ત્રી હોય, તેણે મનુષ્ય તરીકેના શ્રેષ્ઠ ગુણો સંપાદન કરવા જોઇએ. નૈતિક બળ અને ભલાઇ એ બે જુદાં નથી; એક મળે, એટલે બીજું પોતાની મેળે આવી જાય છે. તેને આપણા મનમાં વાસ કરીને રાખવા હોય તો, કણકણાટ, ઢોંગ, ખુશામત, ધૂર્તતા વગેરે બાહ્ય આડંબરો તે આપણા મનમાંથી તદન હાંકી કાઢવા જોઇએ. ખરાબ વૃત્તિ અથવા દુર્ગુણ ઉપર ભાવ એ નબળાઇ અને બીકણપણાનુંજ પરિણામ છે, જ્યારે સદ્ગુણ-વર્તન એ પોતેજ બળ, હિમ્મત અને સુખ આપ્યા વગર રહેતાંજ નથી. માણસને ભલું-ખરા રૂપમાં ભલું-થાવું હોય તો તેણે આત્મિક શ્રદ્ધાવાળું સ્વતંત્ર અને દ્રઢ થવાની પ્રથમ જરૂર છે. નમ્ર, શાંત, ધૈર્યવાન બનવું જોઇએ, પણ તે નબળાઈમાં ગણાય તેટલે બધે તેવું થતાં સંભાળવું જોઇએ. આવા સદ્ગુણી પુરૂષ અથવા સ્ત્રીઓજ ઐશ્વર્ય શક્તિ મેળવી શકે છે.

આવેશોને જો બરાબર કેળવેલા, દબાવેલા, ન હોય તો જેમ આડે રસ્તે દોરનાર થઇ પડે છે તેમજ તેજ આવેશો ( Emotions-Animal Passions ) બરાબર કેળવાયેલ હોય, નિયમમાં દબાએલા હોય તો ઉપયોગી થઇ પડે છે અને જીંદગીને ખરા સુખપ્રદ નીવડે છે.

મનુષ્યનું મન કબજે થયું એટલે આવેશો સર્વ ઇંદ્રિયોના નોકર થઇનેજ વર્તે છે, અને તેનાથી જે કાર્ય લેવું હોય તે લઈ શકાય છે.

ખરૂં પુછો તો દુનિયામાં દુઃખ, હલકાઇ તેવું છેજ નહિ. જગત્ સત્ય ઉપર રચાએલું છે. કુદરત ભૂલ કરતીજ નથી. દુનિયામાં તો સત્યતા, પવિત્રતા અને સુખજ નજરે આવે છે, પણ તે અનુભવવા માણસે પોતાના મનનેજ અમુક રીને સદ્-વર્તનથી કેળવવાની ને કબજે રાખવાની જરૂર છે. અરે ? બરાબર સમજાયું હોય, તો મન કબજે "રાખવું પડતું નથી." આપો આપ પોતાથી તેવા આવેશોથી હઠી જાય છે, એટલુંજ નહીં, પણ તેવા આવેશોને સદ્વર્તન-ભલાઇમાં દોરવવા સાચો સાથી બને છે.

મનુષ્યો અત્યાચાર, અદેખાઇ, નાલાયક મોજશોખમાં પોતાથી ફસાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને પછી નાહક જીંદગીને દોષ આપે છે. માણુસ આ પ્રમાણે પોતે શરૂઆતથી ખરાબ ટેવ પાડે અને પછી પસ્તાય છે. બીજાને માન આપો એટલે આપોઆપ તમને પોતાને માન મળ્યુંજ સમજો. સીધે પ્રમાણિક રસ્તે ચાલો, દૃઢ વર્તન રાખો, અને દાખલાથીજ ( બોલવાથી નહીં ) બીજાને દોરો, એટલે આપોઆપ સુખ મેળવશો, અને શ્રદ્ધાવાન્ બનશો. સત્ય છોડવાને બદલે મોત પસંદ કરો, નબળાઇ ન જણાય તેટલે દરજ્જે માયાળુપણું રાખો. શત્રુ, મિત્ર તરફ સમતા રાખો એટલે પોતાની મેળે આપ્ત પુરૂષમાં ખપશો. અરે ! આ દુનિઆજ સ્વર્ગ બની રહેશે, અને તમે પોતે દૈવી સુખ અનુભવશો.

તમારા અંતરાત્મા જે સૂચના આપે તે પ્રમાણે વર્તો. અને તેજ પ્રમાણે શુદ્ધ દાનતથી બીજાઓ તેમના અંતઃકરણુની સૂચના મુજબ યથાર્થ વર્તે તેને પણ માન આપો, પછી ભલે તેમનો અંતરાત્મા તમને જે સંમત નથી તેવી સૂચના આપતો હોય. માણુસની એક નબળાઇ એ છે કે, જ્યારે પોતે પોતાના અભિપ્રાયને દૃઢરીતે વળગી રહે છે, ત્યારે બીજાના અભિપ્રાયને તે માન આપતો નથી. આપણને જે વાજબી લાગે તે પ્રમાણે વર્ત્તવા .આપણે સ્વતંત્ર છીએ, તેમ દલીલથી આપણો અભિપ્રાય બીજાને ઠસાવવા યત્ન કરવો એ વ્યાજબી છે. પણ તેમ કર્યા છતાં પણ બીજાઓને તે ન સમજાય, તો તેમના અભિપ્રાયને વળગી રહેવા પુરતી છૂટ છે, અને તેમ વળગે તો તેમાં તમારે તેના ઉપર ટીકા કરવાનો કે આડા આવવાનો હક નથી. અરસ પરસના અભિપ્રાય તદ્દન વિરૂદ્ધ હોય, તોપણ અરસ-પરસના માનમાં જરાપણ ફેર ન પડે, એવું વર્તન રાખનારા, માત્ર દેખાવ ખાતર નહીં, પણ ખરા અંતઃકરણુપૂર્વક આચરનારને જ સમજુ ગણુવા જોઈએ.

જો આ દુનિયાના બધા વ્યવહારો સુખમય થાય એમ ઇચ્છતા હો, તો આપણે જેમ આપણી મરજી, ઇચ્છા–અભિપ્રાયને વળગી રહેવા સ્વતંત્ર છીએ, તેવીજ રીતે બીજાઓને તેમના અભિપ્રાય પ્રમાણે વર્તવા સ્વતંત્રતા સ્વીકારો એટલુંજ નહી પણ તેવાને માન આપતાં શીખો. જો આપણે મજબુતી અને મનુષ્યત્વ જાળવવું હોય, તો મોટા મનના થાઓ. જો સુખથી દુનિયાના વ્યવહારો નિભાવવા હોય, તો અને જીંદગીનાં દુખો દૂર કરવાં હોય તો, આપણા સ્વભાવને તાબે રાખતાં શીખો.

દુઃખ અથવા આફતના વખતે માણસો રડે છે, અને કુટે છે, વાળ તોડી નાંખે છે, પછાડીઓ ખાય છે ! શું કારણ ? " **માત્ર પોતાના મનને પોતે કબજે રાખવા જેટલું જ્ઞાન અથવા સમજણ ધરાવતા નથી.** " જો, માણસ સંતોષી બનતાં શીખે, પોતે તેઓને પોતાના નોકર બનાવી શેઠ રહે તો, શું તેઓની તાકાદ છે કે તે સ્વાર થઇ માણસને પજવે ? કદી બને નહીં. લગામ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કબજે હોય તો જેમ ગમે તેવો તોફાની ઘોડો પણ તાબે રહી શકે છે, તેમજ ઈન્દ્રીયોના આવેશો ઉપર જો જય મેળવશો, તો તે તાબે થઈ રહેશે; અરે ! નોકર થઇ ઉલટી ઉપયોગી થશે. કોઇ પણ એવી ખરાબ આદત નથી, કે જે ન કાઢી શકાય. માણસ ધારે તો રાજા થઇ સર્વ ઈન્દ્રિયોને ગુલામ બનાવી સર્વ સુખ સંપાદન કરી શકે છે, પણ તેથી ઉલટું જો પોતે તેને તાબે થાય છે, તો જાતે દુઃખ ઉપર દુઃખ વધારે છે, અને પછી પોતે હરહમેશ દુઃખીજ રહે છે.

ખરેખર, મનુષ્ય તરીકે પંકાવાને માટે અથવા ખરા લાયક મનુષ્ય થવાને માટે, આત્મશ્રદ્ધા અને બીજાઓને માટે પુરતું માન, એ બે અવશ્યનાં છે, ખરી નમ્રતા તેનામાંજ હોઇ શકે છે કે જે માણસ પોતે સ્વાશ્રયી હોય છે. બીજાઓ ઉપર સત્તા ચલાવવાની વૃત્તિ આગ્રહી થયા વગર, કોઇ પણ માણસ અભિમાની અથવા બડાઇખોર થઇજ શકતો નથી. તેથી ઉલટું દૈવી નમ્રતા મેળવવા આત્મશ્રદ્ધાને પર પરત્વે યોગ્ય માન એ મદદગાર છે.

માણસે પ્રમાણિકપણું, સીધાપણું અને નિષ્કપટપણું, એ બરોબર પોતાના સ્વભાવમાં આમેજ કરવા જોઇએ, એટલે તદ્રુપ થવું જોઇએ. ઠગાઇથી એટલે બીજાને ઠગવાથી બીલકુલ દૂર રહેવું જોઇએ. આડંબર, ઢોંગ, અથવા આપણામાં ન હોય તે બતાવવાની વૃત્તિનો, હમેશને માટે ત્યાગ કરવો જોઇએ. બીજાઓને ઠગવાને માટે પહેલાં તો આપણે પોતાનેજ ઠગવા પડે છે. નિષ્કપટપણું રાખ્યા વગર માણસ સ્પષ્ટવક્તા, અસર કરનાર કે બીજાને દાખલો બેસાડનાર થઇ શકતો નથી તેમ તે નિડર પણ થતો નથી. કહેવા પ્રમાણેજ પોતાનું વર્ત્તન ન હોય તો ખાલી શબ્દોની અસર થતી નથી અને ઉલટો તે માણસ હાંસીને પાત્ર થાય છે. દાખલા તરીકે કેટલાએક બગભક્તો દેવળમાં દર્શન કરવા નિયમસર દરરોજ જાય છે, વર્ષોનાં વર્ષો તે પ્રમાણે પ્રાર્થના કરે છે, અને અંતઃશુદ્ધિ, સારા કૃત્ય, અને સુખી પવિત્ર જીન્દગી માગે છે, પણ તે પ્રાર્થના પુરી થવાની બીજી ક્ષણે, ગમે તે કાળાં ધોળાં કરવાને, ગેરહાજર મનુષ્યોની નિંદા કરવાનું અને ગમે તે અપકૃત્ય કરવા ચુકતો નથી; અને તેવું વર્તન રાખવાથી જ્યારે તેનો ખરો મિત્ર કોઇ થતો નથી, થાય છે તો ટકતો નથી, ત્યારે પોતા ઉપર પોતાની ટેવને દોષ ન દેતાં, સામા માણસનો દોષ કાઢવા તૈયાર થાય છે અને આ દુનિયાની અંદર ખરા મિત્ર મળવા દુર્લભ છે, વિગેરે ખાલી વાતો કરે છે.

ખરેખર એવા માટે મિત્રો છેજ નહીં; બીજાઓ પ્રત્યે વર્ત્તન ઉચું રાખો, અને પછી સામા તરફથી ઉંચા વર્ત્તનની આશા રાખો, આયનામાં પ્રતિબિંબ જેમ આપણું પોતાનુંજ જેવા હોઇએ તેવુંજ પડે છે, તેમ મનુષ્યના હૃદયરૂપી આયનામાં બોલ્યા ચાલ્યા વગર સામા માણસની વૃત્તિનો તાદૃશ ફોટો ઉઠે છે, તેથી જો બોલો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કંઇકને મનમાં કંઇક હોય, તો સામો માણસ તદ્દન સાફ જુઠું બોલો છો એમ સમજી જાણી શકે છે, જો સ્પષ્ટ વક્તા હોય છે તો સાફ સાફ કહે છે, કે મને તમે કહો છો તે માનવા મારો અંતરાત્મા સાફ ના પાડે છે, માટે હું તે માની શકતો નથી.

મનુષ્ય બરાબર સાફ દીલનો નિષ્કપટી હોય છે તો તેના શબ્દો ઉપર મનુષ્યોને પૂરતો વિશ્વાસ રહે છે. તેના શબ્દોની તેમના ઉપર બહુજ સારી અસર થાય છે. તે માણસ ગમે તેવું મોઢે કહેતાં અચકાતો નથી. તેનાથી લોકો ડરે છે. તેની નમુનેદાર ચાલચલણ અનુકરણ કરવા બીજાને કહે છે, અને તે ગમે તે કાર્ય હાથ ધરે તેમાં તે નિઃશંક ફતેહ મેળવે છે.

હિંમત, આત્મશ્રદ્ધા, નિષ્કપટપણું, ઉદારતા અને માયાળુપણું, આ લાયક-નિડર, માણસાઇ, મેળવવા જરૂરના સદ્દગુણો છે. દરેક ઉછરતા જુવાનીઆએ ઉપરના સદ્દગુણો પોતાનાં વર્ત્તનમાં આમેજ કરતાં શીખવું જોઇએ અને જેમ જેમ બરાબર અનુકરણ કરતાં શીખશે. તેમ તેની જીન્દગી સફળ થશે.

જ્યારે આપણામાં આત્મબળવાળા, પ્રમાણિક, સીધા, ઉંચા ગુણવાળા, શાન્ત, શુદ્ધ, સરળ સ્વભાવના પુરૂષો—માયાળુ, સાચી, પવિત્ર, નકામી વાતચીતમાં કે નિન્દામાં વખત ન ગાળનાર અને નિષ્કપટી સ્ત્રીઓ પેદા થશે, અને જ્યારે તેની કુખમાંથી તેવાંજ ઉંચા પ્રકારનાં સંતાનો પ્રગટ થશે, ત્યારે આપણી દરેક જાતની ઉન્નતિ નજીકજ સમજવી. તેવે વખતે નકામાં કજીયાટંટા, ખીસાદા, બંધ થશે. નવીજ દુનિયા જણાશે, માણસાઇ શોભાશે અને સુખ, માયાળુપણું અને જીન્દગીનું સફળપણું નજર આગળ તરશે, પરમાત્મા એવો દિવસ નજીક લાવે.

પ્રેમથી ઇચ્છવું ચહાવું તેજ સુખ કહેવાય છે; તેથી ઉલટું, જેની ઇચ્છા થતી નથી અને જેના તરફ દ્વેષ અનિચ્છા રહે તે દુઃખ છે.

V.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# મનુષ્ય અને મહાવીર.

**પાપ કર્મની મુક્તિ.**

સંપૂર્ણ શાંતિ અને પવિત્રતાને ચાહનાર આત્મા પ્રથમ પાપ કર્મની મુક્તિને ચાહે છે. અને તેને માટે જે ઉંડી લાગણી રહે છે તેનો જવાબ મહાવીર પરમાત્મા પોતાના જીવનમાંથી આપે છે. તે શીખવે છે કે હે મનુષ્ય પ્રાણી ? તું વિચાર કર કે પાપ કર્મના જ્ઞાનથી તારૂં જાગૃત થયેલું મન અને તારી શક્તિ કેવી રીતે દબાઈ જાય છે ? અને તે પાપકર્મને દૂર કરવાને તને કયો માર્ગ અનુકુળ છે ? મહાવીરનું જીવન તેનો શુદ્ધ માર્ગ તાત્કાલિક બતાવે છે. એક કરજદાર માણસની ગુંચવાડા ભરેલી સ્થિતિને મળતી આવે તેવીજ સ્થિતિ એક કુલીન આત્માની હોય છે, જ્યારે એક માણસ ન છુટી શકાય તેટલો દેવાદાર થઇ જાય છે ત્યારે આપણે જોઇએ છીએ કે તેની સ્થિતિ તદ્દન નાલાયક અને નબળાઈથી ભરેલી હોય છે. માણસની શકિતઓ પર કરજ એ મરણતોલ બોજા રૂપે રહે છે જે માણસ દિન પ્રતિદિન ઉપકારના બોજા નીચે દબાતો જાય છે અને થોડી મુશ્કેલી પણ દૂર કરવાને જેને કશો સંભવ જણાતો નથી તે પોતાના મનની ફરી જાગૃત થવાની શક્તિ ગુમાવે છે એટલુંજ નહિ પણ તે ઉત્સાહ વગરનો શૂન્ય અને નબળો થઈ જાય છે. જ્યાં સુધી ભૂતકાળની વળગેલા ભુત જેવી સ્થિતિ તેની સન્મુખ હોય ત્યાં સુધી કોઇ પણ નવા કામમાં કે નવા સાહસમાં ઉતરવાની તેની હિંમત હોતી નથી. તે એવું વિચારે છે કે હું ગમે તેટલું કરીશ તો પણ જે બોજાથી હું કચરાઇ ગયેલો છું તેનો અમૂક અંશ દૂર થવા શિવાય બીજું કંઇ થવાનું નથી અને એ વિચારથી તેની મુખ્ય શક્તિ અને મહેનત કરવાની ખંત રહેતી નથી. ભૂતકાળના ભૂતને દૂર કરવાને બદલે તે તદ્દન નિરાશામાં પોતાની જીંદગીને નસીબપર પડતી મુકે છે. અથવા તો પોતે કંઈ સારૂં નહીં કરી શકે એવી લાગણીમાં પોતે જે વધારે ખરાબ કરતો હોય તે પણ જાણવાને તે બેદરકાર થઇ જાય છે. આવા માણસને પ્રયત્નમાં લાગુ કરી જાગૃત કરવાને જે પ્રથમ કરવાનું છે તે એ છે કે તેનો ભૂતકાળ સાથેનો સંબંધ તદ્દન દુર કરવો અને જીંદગીની ફરી શરૂઆત કરવાને તેને ઉત્સાહિત કરવો. આબરૂ અને આચારના નુકશાનકારક ફેરફારથી જો તેને વારંવાર અસર થાય તો તેના દોષની યાદ આપીને તેના આત્માની જરૂરીઆતો વિષે ખાત્રી કરાવવામાં મદદ કરવી. સમાજમાં જે માણસ ન્યાત બહાર થયો હોય છે તે તેની સાથે પ્રયત્ન કરવાની ઘણીજ પ્રબળ હીંમત પણ ગુમાવે છે. ગેરવિશ્વાસ અને શકનું વાતાવરણ કે જે ઘણી ભૂલો કરાવે છે તેનાથી આશા અને ઉત્સાહનો નાશ થઇ જાય છે. દયા, માન અને જાહેર રીતની લાગણી તેનામાં રહેતી નથી. સમાજમાં માન અને યોગ્યતા પ્રમાણેની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પોતાની ગુમાવેલી જગ્યા નહિ મળવાના સંભવને લીધે તેના હૃદયમાં આશા અને લોભ મરી જાય છે, અને પોતે કેટલી ખરાબ સ્થિતિએ પહોંચ્યો છે, તે જાણતા છતાં કદાચ તેને માટે તદ્દન બેદરકાર થઈ રહે છે; જો તે નવીન જીંદગી શરૂ કરી શકે, તેનો ધિક્કારવા લાયક ભૂતકાળ ન ભૂલી શકાય તેવી યાદદાસ્તમાંથી હંમેશને માટે ભૂલી જવાય તો તેને માટે કાંઇક જુદીજ સ્થિતિ થઇ શકે, પણ તે ભયંકર ભૂતકાળ તેના વિચારોમાં વારંવાર દેખાય છે, તેના સોબતી અને સંબંધીઓના મુખથી તેને ઘણું સાંભળવું પડે છે, અને જ્યાં જાય છે ત્યાં તે તેને હેરાન કરે છે, અને દરેક રીતે દબાવે છે. આવી સ્થિતિમાં માણસ ગમે તે કરે તો પણ તેને પોતાના વિષે સારા વિચાર નહિ આવે અને તે નિરાશાના કંગાળ સંતોષપર પોતાને હંમેશને માટે તજી દે છે.

હવે જે આત્મા પોતાનું નૈતિક માહાત્મ્ય પાછું મેળવવાને લાંબા વખતથી ઇચ્છા રાખે છે, પરંતુ તેના પાપ કર્મથી તેને જે જે મુશ્કેલીઓ જણાય છે, તેને ઉપરના ઉદાહરણો સહાયરૂપ થશે. કરજની પેઠે અંતઃકરણનું પાપ જાગૃત થયેલા આત્માને શલ્યરૂપે તાજું દુઃખ આપે છે, અને તે શક્તિઓને પાછી હઠાવે છે. જ્યાં સુધી નહિ બજાવેલી ફરજ અને જવાબદારીનો નોંધ તેની સામે થાય ત્યાં સુધી સારૂં કરવાના નવા પ્રયત્નથી શું લાભ ? હંમેશની ફરજ બજાવવાને ગમે તેવા પ્રયત્ન હોય તો પણ તે પુરતો નથી, પાપકર્મના પૂર્વના સમૂહને દૂર કરવાને તે ઘણોજ થોડો ઉપયોગનો થઇ શકે. દરેક દિવસે હમેશના વધતા જતા અને નહિ ભરાતા કરજમાં કાંઇક વૃદ્ધિ થાય છે, અને હૃદયપરનો બોજો માણસ ગમે તે કરે તો પણ વધારે ને વધારે ભારે થતો જાય છે. જો તે નવીન જીંદગી શરૂ કરે, ભૂતકાળના પાપને ભૂલી જાય, દુઃખી આત્માને એમ લાગણી થાય કે ભૂતકાળમાં કાંઇ થયુંજ નથી, જો અંતઃકરણને નિર્દોષતાના જોરથી પોતાના કર્તવ્યની નવીન સૃષ્ટિમાં પ્રવેશ કરવાને છુટું કરવામાં આવે તો ભવિષ્યને માટે કાંઇક સારી આશા રાખી શકાય. પરંતુ પ્રવાહનો સાથેજ એક તણખલાની પેઠે ઘસડાઇ જનારા મનુષ્યમાં એવી કોઈ પણ શક્તિ અસર કરી શકે નહિ. પાપકર્મના કરજની ભયંકર જવાબદારીમાંથી આત્માને કોઇ પણ દૂર કરી શકે નહિ. સામાજીક શિક્ષાની જાહેરાતની પેઠે પાપ અંતઃકરણમાં દૈવિક શિક્ષાની જાહેરાત સાંભળે છે અને પ્રયત્ન કરવાને પોતાને અયોગ્ય માને છે; વિશેષ ભયંકર એ લાગે છે કે આ સઘળા ઉદાહરણો પાપને નૈતિક પાછા પાડવામાં સંપૂર્ણ રીતે મળતા આવે તેવા નથી. કારણકે કરજ ગમે તેવું ભારે હોય તો પણ તે તદ્દન દુર ન કરી શકાય અને કાઢી ન શકાય તેવું નથી. પરંતુ પાપ કામને માટે તેવું છે. કરજદાર માણસ લા (નાદારી) Insolvent લઇને બેવડા પ્રયત્નથી અથવા નશીબના કોઇ અણધારેલા લાભથી અથવા કોઇ મિત્રના વચ્ચે પડવાથી ભૂતકાળની ન ભુંસી શકાય તેવી જવાબદારીમાંથી કદાચ મુક્ત થઇ શકે પરંતુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાપ એક વખત કર્યા પછી તેને નહિ કરેલું થઈ શકશે નહિ. પાપી કાર્યથી જે કરજ થયેલું હોય છે, તે આ જગત્‌ના કોઇ પણ ખાત્રીવાળા સાધનથી ભરી શકાતું નથી. અને એકનું પાપ બીજાને પણ આપી શકાય તેવો પણ કોઈ સંભવ નથી. વળી જે માણસ સમાજથી દુર થયેલો હોય તે વખતના જવા પછી અથવા પોતાના ખરાબ કામને તજી દેવાથી સામાજીક ધિક્કાર અને ગેરવિશ્વાસની અસરથી છુટો થઇ શકે છે, અને સમાજ તેને પોતાના સમુદાયમાં કરી લે છે. પરંતુ પાપની જાહેરાતવાળાને માટે તેવો કાંઇ પણ બચાવ નથી તેના પાપકર્મનો ન્યાય સ્વતંત્ર અને અદલ છે તે તેનું રહેઠાણ જોતો નથી તેમજ હજારો અને લાખો વરસ જાય તોપણ તેના પાપનું પ્રાયશ્ચિત મળવામાં જરાપણ ખામી આવતી નથી. અનેક ભવ વીતિ ગયા પછી ઘણા પાપ ઉદયે આવે છે અને તેના માઠા ફળ ત્યારે ભોગવવા પડે છે; જાગૃત થયેલા પાપી માણસનું પાપ તો તેને પોતાનેજ સન્મુખ રહીને દુઃખ આપે છે તે તેનાથી ભૂલાતું નથી. જાગૃતીવાળું મન પોતાને માફી મળે એવી ઇચ્છા રાખતું નથી. પરંતુ તેમાંથી મુક્ત થવાની ઇચ્છાના ભારે દુઃખમાં તે પાપની શિક્ષા ભોગવવાને તત્પર રહે છે. જે પાપના ઉદયથી પોતાને દુઃખ ભોગવવું પડે છે તે શિક્ષાના નિયમને તે વખાણે છે. ગમે તેવી સારી દયા જરા પણ ક્ષમા કે કાંઇ પણ તેને સંતોષ આપશે નહિ. પરંતુ પાપના ફળના નિયમથી જે દુઃખની નિશાની પોતાના પર થાય તેજ તેની શાંતિનું કારણ થાય છે. મારા પાપ હું શાંતિથી ભોગવું તોજ હું પવિત્ર થાઉં. એવો તેનો નિશ્ચય હોય છે, અને તેથી જ્યાંસુધી પાપ તદ્દન નષ્ટ થઈ અને તેના ચુરેચુરા થઈ જાય ત્યાંસુધી તે ધીરજથી તેની સામે ઉભો રહે છે.

હવે મહાવીર પરમાત્માના જીવનમાં જે મહાવીરપણું પ્રત્યક્ષ થાય છે અને જેમાં પાપની સંપૂર્ણ શિક્ષા આવી જાય છે તે જાણવાની ઉંડી જરૂર જાગ્રત થયેલા આત્માને છે. કારણકે એક રીતે મહાવીર પરમાત્માના જીવનમાં જે અસાધારણ પવિત્રતા છે. તેને પાપના સમુહ સાથે કેવી રીતે ટકાવી રાખવામાં આવી છે તે આપણે અનુભવવાનું છે; ઘોર પાપ કર્મના ઉદય વખતે પણ તે પવિત્રતા તો શેષ માત્ર ગઇ નથી, અને ખરેખર દુઃખી અંતઃકરણને માટે તે કાંઈ ઓછા દિલાસા રૂપ નથી. જો કોઇ ભલો અને પવિત્ર માણસ કોઇ ગરીબ ન્યાત બહાર થયેલા માણસને માટે તેની સઘળી જુઠી વર્તણુંક ભુલી જઇને પોતે લોકોની અપકીર્તિ સહન કરે અને તે ન્યાત બહાર થયેલા પાપી માણસને પોતાનો પ્રેમ અને મિત્રતા બતાવે તો તે કાંઇ ઓછી વાત નથી. ન્યાતનો તિરસ્કાર પોતાનું અને બીજાનું અપમાન એ સહન કરતાં જો તેને દિલાસાનું એક કારણ આશા અને સુખનું એક સ્થાન મળે તો તે દુઃખી માણસને કેટલી ખુશાલી કેટલી આશા અને કેવું નવું જીવન આવશે તે કલ્પના શક્તિથી જાણી શકાય તેવું છે; એક ઘણો ભલો અને આબરૂદાર માણસ તેની સાથે મળેલો છે

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ તે તેને કાંઇ ઓછી ઉમેદનું કારણ નથી તેવીજ રીતે એક પાપીમાણસને જો એમ જણાય કે મહાવીર પરમાત્મા મને પાપીને સહાયક છે તેની હાજરીમાંજ મેં મારી પવિત્રતાની ઝાંખી જાણી છે તે તેની સન્મુખ પોતાના પાપને કબુલ કરે છે અને છુપી રીતે તે તેનું દુઃખ સહન કરવાને તૈયાર રહે છે. જ્યારે વીર પરમાત્મા કે જેના મધ્યમાં સઘળા કુદરતના નિયમ અને ધોરણનું મધ્ય બિંદુ દેખાય છે જે પોતેજ પવિત્રતાની મૂર્તિ છે અને જે પાપી માણસને પણ મહાવીરપણાની પ્રતીતિ કરાવે છે તેને પોતાની સન્મુખ જુએ છે ત્યારે ખરેખર ધ્રુજતું અંતઃકરણ નિરાશ થતું અટકે છે અને ભૂતકાળને નિરાશાવાળો ગણી ભૂલી જવાય છે એથી પણ વિશેષ મહાવીર પરમાત્મા પોતાની અપૂર્વ શક્તિથી પાપી માણસને તેની પ્રકૃતિ બદલી નાખવાને વાળે છે એટલુંજ નહિ પણ તેના પાપ અને પરમાત્મા પ્રત્યેની શત્રુતા અને ધિક્કાર જે તેનામાં હોય છે ને તેને પ્રત્યક્ષ બતાવીને તેમાંથી તેને બહાર ખેંચી લાવે છે. ઘણાજ ધાસ્તીવાળા અને નિરાશ અંતઃકરણને સાબીત કરી આપવાનેજ જાણે ન હોય તેમ માણસના મહાન્ દોષની કબુલતમાંથી તેના તરફ વિશાળ દયા બતાવવામાં આવેલી છે જો કે કુદરતનો કાયદો ધિક્કારવા લાયક સ્વરૂપમાં પાપ સાથેના લાંબા વખતના ચાલુ સંબંધથી પાપનું જે દુઃખદાયક ફળ આપી શકાય તે ભયંકર દુઃખ આપવાને રજા આપે છે. તીક્ષ્ણ ઝેરી તીરથી પાપીને શિક્ષા કરી નિર્દોષપણાનું ભાન કરાવવાનું તે કહે છે, જગતના અને નર્કના દુઃખો પાપના ધિક્કાર તરીકે બતાવીને ઘણાજ પવિત્ર અને નમ્ર આત્મા થતાં શીખવે છે, અને આખરે પાપના ભોગ તરીકે તેને મોતના હાથમાં પણ તે મુકે છે. આ પ્રમાણે છે તે છતાં પહેલેથી છેલે સુધી માણસના દોષને બાજુએ રાખીને પોતાનું મહાસાગર જેવું દયાથી ભરેલું અંતઃકરણ બતાવીને ઘણા પાપી જીવોને પણ મહાવીર પરમાત્મા દયાથી ખરો માર્ગ બતાવીને તેમને પાપથી મુક્ત કરે છે. તેના દરેક વચનમાં દૃષ્ટિમાં, અને કાર્યમાં તે પાપી તરફ દયા અને પ્રેમની લાગણીથી જુએ છે, અને છેવટે તે વીર પરમાત્મા આપણા મહાવીરપણાને બતાવીને કુદરતના નિયમથી પાપનું જે પ્રાયશ્ચિત આપણે ભોગવી પાયમાલ થાત તેનાથી બચાવે છે. અને ભવી જીવોને મહાવીરપણું મેળવી મહાવીર થવાને દરેક સરળતા કરી આપે છે. તેથી ફરીને આપણે માનવું જોઈએ કે તે વીર પરમાત્મા પાસેજ પાપી આત્માની જરૂરીઆતો પુરી પાડવાનો પુરતો ખજાનો છે. જો કે પાપ ખરી રીતે પુણ્ય થઇ જતું નથી, જો કે ભૂતકાળ પાછો આવી શકતો નથી, જો કે કોઈ પણ કાર્ય કરેલું હોય તે કદી નહિ કર્યું થતું નથી તો પણ માણસના ધ્રુજતા અંતઃકરણમાં ખરેખર મહાવીરપણાનું ભાન થવા પછી ઘણા પ્રકારે શાંતિ થાય છે. ભૂતકાળ ભૂલી જવાય તેવી ખાત્રી રહે છે, પાપની શિક્ષા ભોગવીને પાપને દૂર કરેલું જાણી શકાય છે અને જ્યારે મહાવીર પરમાત્મા માણસમાં મહાવીરપણું લાવે છે ત્યારે કુદરતના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિયમને, ન્યાયને સર્વમાન્ય ધોરણને, સત્યને તેના ખરા સ્વરૂપમાં જાણી શકે છે અને પોતે પોતાના પાપકર્મથી મુક્ત થવાને શક્તિમાન થાય છે.

આત્મિક નબળાઈ.

આપણા મૂળ સ્વરૂપને પાછું મેળવવાની બીજી મોટી મુશ્કેલી આત્મિક નબળાઇ એટલે પવિત્રતા પાછળના આત્માના પ્રયત્નમાં હૃદયિક જડતા અને હૃદયની નિર્બળતા મુખ્ય છે અને માણસના ઉત્સાહની આ જરૂરીઆત પુરી પાડવાને મહાવીર પરમાત્મા પોતે હૃદયમાં સ્થિતિ કરે છે અને મહાવીરપણું ઉપસ્થિત કરે છે. ગુમાવેલા સત્ય સ્વરૂપને પહોંચવાના પ્રયત્નમાં આત્મા પોતાની નૈતિક નબળાઇથી જાણીતો થાય છે. જ્યારે આજારી માણસ રોગથી પટકાઈ પડે છે અને બીછાનામાં પડી રહે છે ત્યારે તેને પોતાની નબળાઇનું ભાન થતું નથી. પરંતુ જ્યારે તે સાજો થઇને ઉઠવા જાય છે. અને ચાલવાનો પ્રયત્ન કરે છે ત્યારે તેના ધ્રુજતા પગલા અને લથડતા શરીરને જોઇને તેને જણાય છે કે તેની શક્તિ કેટલી બધી ઓછી થઇ છે. જ્યારે સ્વતંત્ર સત્તાએ દેશની પ્રજાને ઘણી ઉશ્કેરી મુકી હોય અને તેની ગુલામગીરી જરા પણ દૂર કરવાની દરકાર કરવામાં ન આવે ત્યારે તેને તેના બંધનની નિરાશા શોધવાની સ્થિતિ નથી. પરતું જ્યારે બંડ કરવાનો જુસ્સો ફાટી નીકળે છે, રાજ્યની ધિક્કારવા લાયક ધુંસરી ફેંકી દેવાનો પ્રયત્ન થઇ ચુકે છે ત્યારે તે બંડ શાંત કરવાને દરેક પ્રયત્ન નિષ્ફળ જાય છે અને ત્યારેજ કડવો અનુભવ થાય છે કે સત્તાની અંધાધુંધીમાં કેટલી ખરાબી થઇ છે તેવીજ રીતે જ્યાંસુધી પાપ આત્મામાં કંઇ પણ હરકત કર્યા વગર પડી રહે છે, ત્યાં સુધી પાપને અટકાવવાની દરકાર થતી નથી. જ્યારે તેની દૃષ્ટિપર પવિત્રતાનું નવું ધોરણ પ્રકાશે છે, જ્યારે કર્તવ્યનો પહેલો પ્રયત્ન કરવામાં આવે છે, ત્યારેજ તેના નિશ્ચયની નબળાઇમાં અને સારા થવાના પ્રયત્નની ઝાંખી અસરથી તેને દુઃખ ભરેલી ખાત્રીમાં પોતાની નૈતિક અને આત્મિક નબળાઇનું ભાન થાય છે. અને ત્યારે વળી આંતરિક સહાયતાની ઉંડી ઇચ્છા જાગૃત થાય છે અને તે વિચારે છે કે નિરાશા અને ઉંડી ઇચ્છાનું હૃદય વગરનું બોલવું શા કામનું છે ? મહાવીર પરમાત્માની મહાન આત્મિક શક્તિનું જ્ઞાન હોવાથી શું લાભ છે ? મનુષ્યત્વના ઉમદા પદાર્થ જોવાની શક્તિ શું ઉપયોગની છે ? કે જ્યારે આ સઘળું ન મેળવી શકાય તેવું શ્રેય કરવાને બદલે માત્ર માણસની કમનશીબીની મશ્કરી કરવામાં કામ લાગતું હોય. શ્રેષ્ટતા કે સુંદરતા, પાપનો પ્રતિકાર અને પવિત્ર જીંદગીની ઉચ્ચતાની નકામી વાત કરશો નહી. તે સર્વ ખરૂં છે અને સર્વ કોઇ જાણે છે પરંતુ તે મેળવવાનો જે ખરો માર્ગ હોય તેજ જોઇએ છીએ. એક ગરીબ ગુલામ જે છુટકારાના નિઃશાસા નાખે છે તેને છુટકારાનો માર્ગ બતાવવો અને તેની નબળાઇ દૂર કરવાની છે. જે ખરૂં સત્ત્વ છે તેને પહોંચવાનો કયો માર્ગ છે તે બતાવો અને હે મહાવીર ! મારી નબળી થઇ ગયેલી શક્તિઓ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને હાથમાં દૈવિક શક્તિ આપો, મારી આત્મીક શક્તિની પાછી બક્ષીસ કરો અને છેલ્લી જે મુક્તિની નેમ છે તે પાર પાડવાને દરેક ચંચળતા અને નિશ્ચયિક દઢતા આપો. મહાવીર પરમાત્મા આત્માની આવી ઉંડી લાગણીને તેના પોતામાંથી જવાબ આપે છે. તે આંતરિક સ્વરૂપ બાહ્યથી આત્મામાં બતાવે છે. એટલુંજ નહિં પણ અંતરથી મનુષ્યત્વની શક્તિ અને આશા જાગૃત કરે છે. આત્માની ઉંચી ઇચ્છાઓ અને થોડા લાભોને માર્ગ તેમાંથી મળશે નહિં પરંતુ તેના એકાંતમાં અને નબળાઇમાં તેની સાથે કોઇ દૈવિક મહાત્માની હમેશાંની હાજરી અને રક્ષણ તેને મળશે. તારી દરેક હૃદયિક નબળાઇની વચ્ચે કોઈ સ્વર્ગીય દેવતા તારૂં રક્ષણ કરવાનું ધ્યાન પર લેતો તે તારાં માટે કેટલું લાભકારક છે તેની શું કલ્પના કરી જો, તારી નબળી અને ગુંચવાડાવાળી જીંદગીમાં કોઇ મહાત્મા કે જેનામાં સ્વર્ગીય શક્તિઓ હોય, અને તારામાં કદી નહિ આવેલી તેવી શ્રેષ્ટ પવિત્રતા હોય તે તારા અંગરક્ષણ તરીકે રહેતો તેથી તને કેટલી સહાયતા મળશે, તેનો તું વિચાર કર. તારો સુંદર સ્વભાવ કેવી રીતે બદલી જાય છે, તારા પાપ કેવી રીતે હાબી દેવામાં આવે છે, તારો ઉત્સાહ કેવી રીતે ઉન્નત કરવામાં આવે છે, તું જ્યાં જ્યાં જાય ત્યાં ત્યાં મધુર, પ્રકાશિત અને પ્રેમી આત્માઓ તારી આસપાસ ફરતાં તું જુએ છે. લાલચના સઘળા દેખાવો જે તને છોડતા ન હતા, અને નિશ્ચય વગર તારા કાનમાં લાલચ ઉત્પન્ન કરતા હતા, તેમાં તને શિખામણનો અને ચેતવણીનો શબ્દ તે મહાત્મા સંભળાવે છે, અને તું તારૂં હિત જોઇ શકે છે. તારા સઘળા ગુંચવાડાની મુશ્કેલીઓ દૂર કરનારા તરીકે તારા હૃદયનો મિત્ર જે મહાવીર તારી પાસે હાજર રહે છે, અને તને તારા કર્તવ્યનો માર્ગ બતાવે છે. આ જગતમાં જેની હાજરી મનુષ્ય જીવનની ઉમદા ઇચ્છાઓ પૂર્ણ કરે છે, જે મહાવીર પરમાત્મા તારા એકાંત અને વિચારના વખતમાં તારી બાજુએ સ્થિર થાય છે, અને જેવી વાતચીતથી વિચારની ઉચ્ચતા, ભક્તિ પ્રાધાન્યતા, અને અને શ્રેષ્ટ નિશ્ચયિક શ્રદ્ધા આત્મ પ્રદેશોમાં ઉભરાઇ રહે છે તે પરમાત્માની નબળા અને ધ્રુજતા માણસને આ કેવી ઉત્તમ બક્ષીસ છે. સ્વાત્મ વિશ્વાસઘાતો દરેક ગરીબ મનુષ્ય આવી સોબતીનો કેટલા આવકારથી સ્વીકાર કરશે ? દૈવિક મહાત્માના સમાગમથીજ જ્યારે આટલો આનંદ થાય છે ત્યારે ખુદ વીર પરમાત્મા જ્યારે પ્રત્યક્ષ રીતે મનુષ્યની વચમાં રહે અને ખરો માર્ગ બતાવે તો તે કેટલું હિતકારક છે ? કોઇ શોકગ્રસ્ત આત્મા, જે સ્થિતિ પોતે ચાહે છે, તેને માટે ઇચ્છા કરતો હોય અને દુઃખથી ઘેરાએલો હોય, જો એમ વિચારે કે મહાવીર પરમાત્મા તેના સોબતી અને સ્નેહી તરીકે એક વરસ સુધી તેની સાથે રહે છે, ત્યારે એ વિચારથી તેને કેટલી જાગૃતિ થશે ? જ્યારે તમારૂં અંતઃકરણ માનસિક નબળાઇવાળું હોય મદદની તમારી બુમ પરમાત્માને પહોંચતી હોય , તે બુમ સાંભળીનેજ જાણે મહાવીર પરમાત્મા તમારી પાસે આવી તમારા દુઃખમાં ભાગીદાર હોય અને તમારી નબળાઈ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દૂર કરી તમારા સલાહકારક અને ભોમીઆ તરીકે તમારી સાથે રહે તો તમો શું કલ્પના કરશો ? જ્યાં તે મહાત્મા આરામ લેતા હશે તે સ્થળમાં કેવી શાંન્તિ હશે ? તે જગ્યાનું વાતાવરણ કેટલું પવિત્ર થતું હશે ? તેના સુખી રહીશો બધી મુશ્કેલી અને ગુંચવાડામાં કેવી સહેલાઇથી માર્ગ શોધી કાઢતા હશે ? કેવી પવિત્ર સુગંધ, કર્તવ્યમાં કેવું પરિબળ દરેક અંતઃકરણમાં ઉભરાતું હશે ? જો વીરપરમાત્માની સુખકારક હાજરી અને સરદારી આપણા ભાગ્યમાં હોય તો દરેક સ્વાત્મ વિશ્વાસ-ઘાતી આત્મા તેને એક કુદરતી બક્ષીસ માની ઉચ્ચપદને પ્રાપ્ત ન કરે ? તેઓ શું એમ ન કહે, કે હે મહાવીર ! તારી શીતળ છાયામાં અમોને સમાવી દે, અમારા વિચારો ગુંચવાઇ ગયા છે, અમારો પ્રેમ દોષિત છે, અમારા હેતુ નબળા ધ્રૂજતા છે, ઓ ! તરણ તારણ ! તું અમારી પાસે આવ અને તારા દર્શનથીજ અમારો આત્મા પ્રકાશિત અને દૃઢ થઇ જશે.

જેમ વીર પરમાત્માની બાહ્ય હાજરી અને રક્ષણથી આત્માની જરૂરીઆતો પુરી પડે છે, તેમ તેના શાસ્ત્રોથી પણ ઘણે અંશે જરૂરીઆતો પુરી પડી શકે છે, કારણ કે જો શાસ્ત્રીય સિદ્ધાંતો આત્મામાં પ્રત્યક્ષ થાય, જો જાગૃત આત્માનું ધ્યાન, વિચાર બળ, વિગેરે માનસિક જીવનમાં મદદરૂપે થાય, તો પણ તે માણસમાં મહાવીરપણું લાવવાને કાંઇ ઓછું સહાયરૂપ નથી. મહાવીર પરમાત્માનીજ જો બરાબર ઓળખાણ થાય તો તેની હાજરી આપણા દરેક પવિત્ર વિચારને ઉન્નત કરવાને અને દરેક શંકા દૂર કરવાને આશીર્વાદ સમાન છે. બાહ્ય મેળાપથીજ જો મહાવીર પરમાત્માનો અંતઃકરણમાં આતુરતાથી આદર થાય. જો તે પરમાત્મા આપણાંજ રહેઠાણમાં સ્થિતિ કરતા હોય, તો આપણને જે મોટો ઉપકાર થાય તે તેમનો ઘરમાં રહેવાથી નહી પરંતુ આપણા હૃદયમાં—અંતઃકરણમાં તેનો નિવાસ થવાથી આપણી મુક્તિ થઇ શકે, દરેક જાગૃત આત્મા કે જેઓએ વીર પરમાત્માને બાહ્ય સ્વરૂપે આ જગતપર જોયા છે તેઓ સર્વેના હૃદય અને અંતઃકરણમાં તે શાશ્વત સુખના બીજ રોપી શક્યા છે. જેઓએ ઘણાજ ધ્યાનપૂર્વક તેની મુખમુદ્રા જોઇ છે, અને તેના વચનો શ્રવણ કરેલા છે, તેમનામાં તેઓ જ્યાં હશે ત્યાં મહાવીરપણાની શક્તિ હજુ પણ જાગૃત હશે. તમારી મુશ્કેલી અને મુંઝવણ વખતે પોતે તમારી બાજુમાં છે, એમ જાણવાને તમને જો તે શક્તિમાન કરે, તેના વચન સાંભળવાને તમને પ્રેરણા કરે, તેનો મજબુત હાથ પકડવાને તમને ઉત્સાહવાળા કરે તો તમારે સમજવું કે તે મહાવીરની કૃપાથી તમો જરૂર મહાવીર થશો. એવી રીતે તેમણે ઘણા માણસોને મહાવીર કીધા છે અને આજ પણ કરે છે, તમારે એમ માનવું જોઇએ કે દરેક પવિત્ર વિચાર જે તમારા હૃદયમાં ઉત્પન્ન થાય છે તે મહાવીરપણાની સૂચના છે. ભક્તિભાવનામાં આત્માને જે લીન ભાવ થાય છે તે મહાવીરપણું પ્રગટ થવા પછીજ થાય છે તે મહાવીરપણાની સૂચના છે. તમારા હૃદયપટ તે મહાવીર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાસે ખુલા કરો અને તેનું મહાવીરપણું તમારા આત્મામાં પ્રવેશ કરશે. તમારો આત્મા તેની સાથે એકમેક થશે, અને મહાવીરપણાથી તમારૂં હૃદય ધડકશે, તમારૂં મહાત્મ્ય મહાવીર જેવુંજ થશે. અરે ! નબળા અને ધ્રુજતા મનુષ્ય ! તને પવિત્ર, શાંત અને સબળ થવાને જે કાંઇ જોઇએ છીએ તે આ સઘળું નથી ? મૂર્છા પામતા શરીરને ભાનવાળા કરવાની પુઠે તે મહાવીર પરમાત્મા તારી દુર્દશામાંથી તને મહાવીર બનાવવાને પરમ પ્રયત્નવાન છે કે નહી તેનો તું વિચાર કર, અને તારી આત્મિક નબળાઈ દૂર કરીને મહાવીરપણાનો અનુભવ કર.

# ખરૂં સુખ ક્યારે પ્રાપ્ત થાય ?

સઘળા પ્રાણીઓની સ્વાભાવિક ઇચ્છા સુખ અને આનંદ પ્રાપ્ત કરવામાં હોય છે, પરંતુ વિવેક બુદ્ધિના ઉદય વિના તેઓ વિભ્રમ પામે છે. શરીર, વૈભવ, લક્ષ્મી, કુટુંબ પરિવારાદિ સર્વ વિનાશી છે અને જીવનો મૂળ ધર્મ અવિનાશી છે એમ ચિંતવના થાય ત્યારેજ ખરૂં સુખ પ્રાપ્ત થાય છે.

શાસ્ત્રકારે કહેલ છે અને સંસારમાં જોવામાં આવે છે કે–

" વિદ્યુત લક્ષ્મી પ્રભુતા પતંગ, આયુષ્ય તે તો જળના તરંગ;
પુરંદરી ચાપ અનંગ રંગ, શું રાચીયે ત્યાં ક્ષણનો પ્રસંગ. "

લક્ષ્મી વીજળીના જેવી ચપળ છે, છતાં સુકૃત અને દાનાદિકથી તેનો લાભ લઈ શકાતો નથી. અધિકાર પતંગના રંગ જે કે ચાર દિવસનો ચટકો છે, છતાં તેવા સંયોગમાં માન મુકી કોઇ પ્રાણી માત્રનું હિત કરી શકાતું નથી. આયુષ્ય જળના મોજા–કલ્લોલ જેવું છતાં જ્ઞાન, દર્શન ચારિત્ર, તપ, પરમાર્થ દેવગુરૂ પૂજા વિગેરે કરી મનુષ્ય જન્મનો લાભ લઈ શકાતો નથી. કામભોગ આકાશમાં ઉત્પન્ન થતું ઈંદ્રધનુષ્ય જેવું અસ્થિર છતાં યૌવન વયમા પાંચ ઇંદ્રિયોને વશ રાખી તેનાથી મનુષ્ય જન્મનું સાર્થક કરી શકાતું નથી, ટુંકામાં આ સઘળી વસ્તુનો સંબંધ ક્ષણભંગુર છે અને અનિત્ય છે અને આત્મા અખંડ અવિનાશી છે જેથી તેવીજ વસ્તુ આત્માએ પ્રાપ્ત કરવી જોઇએ. તેને માટે બીજું દ્રષ્ટાંત પણ શાસ્ત્રકારે આપેલ છે. એક ભીખારી ભૂખનો માર્યો જંગલમાં રખડતો રખડતો અન્ન માટે કોઇ શહેરમાં ગયો. ત્યાં કોઇ ગૃહસ્થને ત્યાં ઘણી આજીજી કરવાથી વધેલું અન્ન તેને મળ્યું તે લઈ જંગલમાં આવી એક સ્થળે બેસી તે અન્ન લીધું પછી ઓશીકે પથ્થર મૂકીને સૂતો. જેવામાં નિદ્રા આવી તેવામાં તેને સ્વપ્ન આવ્યું, તેમાં જાણે પોતે રાજઋદ્ધિ પામ્યો છે અને વસ્ત્રાલંકાર, નોકર ચાકર, વગેરે અપૂર્વ સુખ તેને પ્રાપ્ત થયેલું જોયું. તેવામાં તે જંગલમાં મેઘવૃષ્ટિ થઈ અને વીજળીના કડાકા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થવાથી તે જાગૃત થયો, જાગીને જોવે છે તો નથી રાજ, નથી ઋદ્ધિ, નથી વૈભવ નથી મહાલય, નથી વસ્ત્રાલંકાર, નથી સુખ વિલાસ. પરંતુ પોતાના પાસે પોતાનો જીર્ણ પાણીનો ઘડો, ફાટેલ ગોદડી પડેલી છે અને પોતે તો હતો તેવી સ્થિતિમાં પડ્યો છે. નથી તલ ભાર વધેલ કે નથી તલ ભાર ઘટેલ. તે સઘળું જોઇ તેને મહાન શોક પ્રાપ્ત થયો. જેમ સ્વપ્નમાં તે ભિખારીએ સુખ સમુદાય દીઠો, તેમ જે પામર પ્રાણીઓ સંસારના સ્વપ્નવત્ સુખને મહા આનંદરૂપ માની બેઠા છે, અને તે ભીખારીને જેમ જાગૃત અવસ્થામાં મિથ્યા જણાયા તેમજ તત્વજ્ઞાનરૂપી જાગૃતિ વડે સંસારના સુખ તેવાજ જણાય છે. સ્વપ્નના ભોગ ન ભોગવ્યા છતાં જેમ તે ભીખારીને શોકની પ્રાપ્તિ થઇ તેમ જે અજ્ઞાની મનુષ્યો સંસારના સુખોને સુખ માની બેઠા છે તે પરિણામે ખેદ, પશ્ચાતાપ, શોક પામી અધોગતિને પામે છે, સ્વપ્નની જેમ સંસારની એકે વસ્તુ સત્ય નથી, આવું વિચારી બુદ્ધિમાન પુરૂષોએ અનિત્ય વસ્તુઓ ઉપરનો મોહ છોડી અને અખંડ અને અવિનાશી એવા આત્માનો ઉદ્ધાર થઇ તે અખંડ શાશ્વત અને અવિનાશી અનંત સુખનો ભોકતા કેમ થાય તેવો પ્રયત્ન કરવો જોઇએ. ત્યારે પ્રાણીને ખરૂં સુખ પ્રાપ્ત થશે.

# ગ્રંથાવલોકન

નીચેના ગ્રંથો અમોને ભેટ મળ્યા છે જે ઉપકાર સાથે સ્વીકારીએ છીએ.

૧ **આત્મ લબ્ધિ–વિકાસ સ્તવનાવળી**—આત્માને કર્મથી મુક્ત કરવા માટે બીજા સાધનોની જેમ ભક્તિ તે પણ સાધન છે. પરમાત્માની ભક્તિ તેમના ગુણ કિર્તન કરવાથી પણ થાય છે. આ બુકમાં પણ ચોવીસ જીનેશ્વરના સ્તવનો પ્રથમ આપવામાં આવેલા છે તેનો હેતુ પણ તેજ છે. સાથે સંસ્કૃત સ્તવનો, કેટલીક સજ્ઝાયો, બાર ભાવનાઓ, ગજલો અને છેવટે પ્રાતઃસ્મરણીય શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વર ( આત્મારામજી મહારાજ ) તથા શ્રીમદ્ વિજયકમલસૂરીશ્વરજી મહારાજની ગુંહલીઓ આપી ગ્રંથને પૂર્ણ કર્યો છે. બાર ભાવના ગજલના રાગમાં અને સરલ શબ્દોમાં ગુંથેલ હોવાથી જલદીથી સમજી શકાય તેમ છે, આ સ્તવનાવળી કર્તા વ્યાખ્યાન વાચસ્પતિ શ્રીમાન્ **લબ્ધિ વિજયજી** મહારાજ છે. કે જેમણે આ રચના કરી સાથે ગુરૂભક્તિ દર્શાવી છે. છેવટે ગ્રંથમાં પૂજ્યપાદ **શ્રીમાન્ વિજય કમળ સૂરિશ્વરજી** મહારાજની છબી મૂકી ગ્રંથની સુંદરતામાં વૃદ્ધિ કરી છે. પ્રસિદ્ધ કર્તા શ્રી મહાવીર જૈન સભા ખંભાત.

૨ **શ્રીતીર્થંકર ચરિત્ર**—આ ગ્રંથમાં વર્ત્તમાન ચોવીસીના ચોવીસ તીર્થંકર ભગવાનના ચરિત્રો છે. જેની આ બીજી આવૃત્તિ છે તેજ તેની ઉપયોગીતા બતાવે છે. આ આવૃતિમાં પ્રથમ તીર્થંકરના ચરિત્રમાં કેટલાક ચિત્રો આપેલાં છે. તેવીજ રીતે બીજા ભગવાનના ચરિત્ર સાથે થોડા થોડા આપ્યાં હોત તો તે વધારે ઠીક હતું. દરેક ચરિત્રો વાંચવા લાયક છે. પ્રકાશક શા કેશવલાલ મોહનલાલ રામપુરા સોલ એજન્ટ બાલાભાઇ છગનલાલ અમદાવાદ. કિંમત અઢી રૂપીઆ જો કે અત્યારે કાગળ છપામણીની મોંઘવારી ઘણી છે. છતાં કિંમત પણ અમોને જરા વધારે લાગે છે જેથી તે વાત પ્રકાશક લક્ષમાં લેશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## " શ્રી જૈન શ્વેતામ્બર એજ્યુકેશન બોર્ડ " ની ધાર્મિક પરિક્ષાનું પરિણામ.

શ્રી જૈન શ્વેતાંમ્બર કોન્ફરન્સ હસ્તક ચાલતી સદરહું સંસ્થા કે જેનો ઉદ્દેશ ધાર્મિક અને વ્યવહારીક કેળવણી પૂર જોસથી શ્વેતામ્બર જૈન કોમમાં ફેલાવવાને યત્ન કરવો એ છે; તેણે તા. ૨-૧-૨૧ ને રોજ જુદા જુદા કુલ ૧૬ સેન્ટરોમાંની ૨૨ ઉપરાંત પાઠશાળાઓના ૨૧૧ ઉમેદવારોની હરીફાઇની પરીક્ષા બોર્ડે નીમેલા એજન્ટો મારફતે લીધી હતી, જેમાં ૫૬ પુરૂષ ઉમેદવારો અને ૧૫૫ સ્ત્રી ઉમેદવારો બેઠાં હતાં જેમાંથી અનુક્રમે ૪૯ અને ૧૨૦ ઉમેદવારો પાસ થયેલ છે, અને તેથી અનુક્રમે ૮૬ ટકા અને ૭૭ ટકા પરિણામ આવ્યું છે;

પુરૂષ ઉમેદવારોમાં જુદાં જુદાં ધોરણોમાં થઇ ૨૦) ઇનામ રૂા. ૨૮૨) નાં આપ્યાં છે; અને સ્ત્રી ઉમેદવારોમાં જુદાં જુદાં ધોરણોમાં થઇ ૫૫ ઇનામ રૂા. ૩૭૯) નાં આપ્યાં છે. કુલ્લે ૭૫ ઇનામ રૂા. ૬૬૧) નાં આપવામાં આવેલ છે.

આ સંબંધે વધુ જાણવાની જીજ્ઞાસાવાળાઓએ તા. ૧૫-૮-૨૧ પછી રીપોર્ટ મંગાવીને જોવો.

બોર્ડના " અભ્યાસ ક્રમમાં ફેરફાર " કર્યો છે. અને તેની નકલો પણ તા. ૧૫-૮-૨૧ પછી મંગાવી લેવી.

" પાઠશાળાઓને મદદ માટે અને વિદ્યાર્થીઓયે સ્કોલરશીપ માટે " અર્ધા આનાની ટીકીટ બીડી ફોર્મ તાકીદે મંગાવી લેવાં અને તે ફોર્મો તા. ૧૫-૮-૨૧ પહેલાં ભરીને મોકલી દેવાં. તે પછી મોકલેલાં ફોર્મ કે અરજીઓ પર ધ્યાન આપવામાં આવશે નહી.

૫૬૬, પાયધુની, પોસ્ટ, ૩ } ઓન. સેક્રેટરીઓ
મુંબાઇ. તા. ૧૫-૭-૨૧ } શ્રી જૈન શ્વેતામ્બર એજ્યુકેશન બોર્ડ

## -" જૈન વિદ્યાર્થીઓ અને પાઠશાળાઓને મદદ "-

શ્રી જૈન શ્વેતામ્બર એજ્યુકેશન બૉર્ડ તરફથી જૈન વિદ્યાર્થીઓ જેઓ નાણાંની અગવડને લીધે અભ્યાસ આગળ કરી ન શકતા હોય તેમને (૨) અને પાઠશાળાઓ જેઆના નિભાવ અર્થે મદદની જરૂર હોય, તેમણે અર્ધા આનાની ટીકીટ સાથે નીચેને સરનામે અરજીનું ફોર્મ મંગાવી લેઇ તાકીદે તે ફોર્મ ભરી તારીખ ૧૫-૮-૨૧ પહેલાં મોકલી આપવાં. ત્યારપછી આવેલાં ફોર્મ પર ધ્યાન આપવામાં આવશે નહીં.

૫૬૬, પાયધુની | ઓનરરી સેક્રેટરીઓ,
મુંબઇ તા. ૧૫-૭-૨૧ | શ્રી જૈન શ્વે. એજ્યુકેશન બોર્ડ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અમારી સભાનું જ્ઞાનોદ્ધાર ખાતું.

૧ સુમુખ નૃપાદિમિત્ર ચતુષ્ક કથા શા. ઉત્તમચંદ હીરજી પ્રભાસ પાટણવાળા તરફથી,
૨ જૈન મેઘદૂત સટીક
૩ જૈન ઐતિહાસિક ગૂર્જર રાસ સંગ્રહ
૪ પ્રાચીન જૈન લેખસંગ્રહ દ્વિતીય ભાગ
૫ અંતગડદશાંગસૂત્ર સટીક ભરૂચ નિવાસી બ્હેન ઉજમબ્હેન તથા હરકોરબ્હેન તરફથી
૬ શ્રી કલ્પસૂત્ર-કીરણાવળી શેઠ દોલતરામ વેણીચંદના પુત્રરત્ન સ્વરૂપચંદભાઇ તથા તેમનાધર્મપત્નિબાઇચુનીબાઇનીદ્રવ્યસહાયથી
૭ ષટ્સ્થાનક સટીક.
૮ વિજ્ઞપ્તિ સંગ્રહ.
૯ સંસ્તારક પ્રકીર્ણક સટીક.
૧૦ શ્રાવકધર્મવિધિ પ્રકરણ સટીક
૧૧ વિજયચંદ કેવળી ચરિત્ર પ્રાકૃત
૧૨ વિજયદેવસૂરિ મહાત્મ્ય.
૧૩ જૈન ગ્રંથ પ્રસ્તિત સંગ્રહ.
૧૪ લિંગાનુશાસન સ્વોપજ્ઞ (ટીકા સાથે)
૧૫ ધાતુ પારાયણ
૧૬ શ્રી નંદીસૂત્ર-શ્રી હરિભદ્રસૂરિકૃત ટીકા સાથે બુહારીવાળાશેઠમોતીચંદસુરચંદ તરફથી
૧૭ શ્રી અનુત્તરોવવાઈ-શા. કચરાભાઇ નેમચંદ ખંભાતવાળા તરફથી
૧૮ ગુણમાળા (ભાષાંતર) શેઠ દુલભજી દેવાજી રે. કરચલીયા-નવસારી.
૧૯ ઉપદેશ સપ્તતિકા ટીકાનું (ભાષાંતર)
૨૦ શ્રી વિમલનાથ ચરિત્ર ,,
૨૧ દાનપ્રદીપ ,,
૨૨ સંબોધ સિત્તરી ,,
૨૩ ધર્મરત્ન ,,
૨૪ ગુરૂતત્ત્વ વિનિશ્ચય શેઠ પરમાનંદદાસ રતનજી ગોઘાવાળા, હાલ મુંબઇ.
૨૫ ચૈત્યવંદન મહાભાષ્ય (ભાષાંતર)

નંબર ૨૦-૨૧-૨૨-૨૩-૨૫ ના ગ્રંથોમાં મદદની અપેક્ષા છે.

# જૈન વિદ્યાર્થી-વર્ગને જાહેર ખબર.

ચાલુ સાલની મેટ્રીક્યુલેશનની પરીક્ષામાં--

(૧) સંસ્કૃતમાં સૌથી વધારે માર્કસ મેલવનાર શ્વેતાંબર મૂર્તિ પૂજક જૈન વિદ્યાર્થીને—

(૨) સુરતનો રહેવાસી અને એકંદરે વધારે માર્કસ મેલવનાર શ્વે. મૂર્તિ જૈન વિદ્યાર્થીને—
દરેકને રૂ. ૪૦ ) ની "ફકીરચંદ પ્રેમચંદ સ્કોલરશીપ" આપવાની છે તથા.

(૩) પૂનાસર્કલમાંથી અંગ્રેજીમાંથી સૌથી વધારે માર્કસ મેલવનાર શ્વે. મૂર્તિ જૈન વિદ્યાર્થીને રૂ. ૨૦ ) ની "ગુલાબચંદ લક્ષ્મીચંદ સ્કોલરશીપ" આપવાની છે.

વિગત સાથે અરજી તા. ૧૫-૮-૨૧ પ્હેલા મળે એવી રીતે રેસીડન્ટ જનરલ સેક્રેટરીને શ્રી જૈન શ્વે, કોન્ફરન્સ ૫૬૬ પાયધુની મુંબઇ એ સરનામે કરવી.

ગઈ સાલ સને ૧૯૨૦ માં નં (૧) વાળી સ્કોલરશીપ મોરબીવાળા મી ભગવાનદાસ મનસુખલાલ ને આપવામાં આવી હતી. અને નં (૨) વાળી સ્કોલરશીપ સુરતના રહેવાસી મી નગીનચંદ લલુભાઇ ઇચ્છાપોરીયાને આપવામાં આવી હતી જ્યારે નં (૩) વાળી સ્કોલરશીપ માટે કોઇ ઉમેદવારે અરજી કરી નહોતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પરોપકાર.

" અન્યનું ભલું કરવાને માટે સક્રિય પ્રયત્ન કરવો એનું નામ પરોપકાર છે, પુણ્ય પ્રાપ્ત કરવાના હેતુથી હિંદુઓ ઘણું દાન કરે છે પરંતુ તેમનાં અવિચારી દાનથી પ્રમાદ અને દુર્ગુણને ઉત્તેજન મળે છે અને એ રીતે દેશને ઘણું નુકશાન થાય છે. ઉલટ પક્ષે કેટલાક શિક્ષિત હિંદુઓ એક પાઈનું પણ દાન કરતા નથી, આ કાર્ય તે વળી તેથી પણ વધુ નિંદનીય છે. સશક્ત શરીરના આળસુ માણસોને દાન આપવું નહિ, પરંતુ માત્ર અનાથ અને આપત્તિમાં આવી પડેલા માણસોને જ દાન આપવું જોઇએ. સર માધવરાવ કહે છે કે સાધારણ જનસમુહ ના અસંખ્ય લોકોનું અજ્ઞાન—કે જે તેઓના દુઃખે ના સર્વ કારણોમાં અત્યંત મોટું કારણ છે તે અજ્ઞાન દૂર કરવાને માટે ઘણા લોકોએ પ્રયાસ કરવો જોઈએ." જૉનવેસ્લીના નીચલા નિયમોનું અનુસરણ કરવું જોઇએ:—

' તમારાથી બને તે સર્વ સાધનોથી' તમારાથી બને તે સર્વ માર્ગથી તમારાથી બને તે સર્વ સ્થળોમાં, તમારાથી બને તે સર્વ સમયે, તમારાથી બને તે સર્વ લોકોનું તમારાથી બને ત્યાં સુધી, તમારાથી બને તે સર્વ કલ્યાણ તમે કરો. "

" આપણાં લોકોમાં એક પ્રકારનું વર્તન સર્વ સાધારણ અને સર્વવ્યાપક થઇ પડ્યું છે, અને તે એ છે કે મનુષ્યની આકાંક્ષા માત્ર પોતાનીજ ઉન્નતિ કરવાની હોય છે જગતમાં પોતાને અથવા પોતાના કુટુંબને શ્રીમંત અને ઉન્નત કરવું એથી વધારે ઉચ્ચ લક્ષ્ય તેનું હોતુંજ નથી. પોતાના દેશીબંધુઓ વા સકળ મનુષ્ય જાતિનું કલ્યાણ કરવાનું તેને કદી સ્વપ્ન પણ આવતું નથી. ખોટાં કૃત્ય કરવાં એજ માત્ર નિંદનીય અને અધઃપાત કરનાર વસ્તુ છે, એમ માનશો નહિ. પરંતુ ઉદાત્ત વિચારો અને ઉદાત્ત કાર્યોનો અભાવ એ પણ નિંદનીય અને અધઃપતન કરનારજ છે. આપણી જાતની અથવા આપણાં સગાવ્હાલાંઓની જરૂરીયાતો સારી રીતે પૂરી પાડવામાં અને સમાજમાં આપણી જાતને અથવા તેમને જરા ઉચ્ચતર સ્થાન આપવામાંજ જો આપણે આપણું સમસ્ત જીવન ખર્ચી નાંખીએ તો તે કાર્ય માનવજીવનની કેટલી બધી કંગાળતા અને ક્ષુદ્રતા દર્શાવે છે ! જગતના સર્વથી મહાન દેશોમાંનો એક દેશ હિંદુસ્તાન છે, આખા જગત્‌ની વસ્તીનો ૧/૫ ભાગ હિંદમાં વસે છે, એ દેશ જેમની જન્મભૂમિ છે, તેમને તો તે ખાસ કરીને પ્રિય હોય એ સ્વાભાવિક જ છે, માટે તેમણે તો દેશમાં વસતા કોટયવધી લોકોનું કલ્યાણ કરવાના પ્રયત્નો કરવાજ જોઈએ લોકોને આત્મ-સહાય એટલે પોતાની ઉપરજ આધાર રાખવાનો માર્ગ દર્શાવવો જોઇએ; અને સત્ય જ્ઞાનથી જેમનાં અંતઃકરણ પ્રકાશિત થયાં હોય તેઓજ આ કાર્ય કરી શકે છે."

" દુઃખમાં વિદ્યાભ્યાસમાંથી "

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only